# સન ૨૦૦૫ના માહિતી અધિકાર અધિનિયમ

**ની કલમ ૪(૧) (ખ) અન્વયે**

**નિર્દિષ્ટ કરવામાં આવેલ બાબતોને લગતો**

# માહિતી સંગ્રહ

[ તા. ૧-૦૬-૨૦૨૩ની સ્થિતિએ]





ગુજરાત વિધાનસભા સચિવાલય

**વિઠ્ઠલભાઇ પટેલ ભવન,**


**સેક્ટર-૧૦**

**ગાંધીનગર-૩૮૨૦૧૦.**

ફેક્સ - ૦૭૯-૨૩૨૨૦૯૦૨.

ઇ-મેઇલ : **assembly@gujarat.gov.in**

વેબસાઇટ : www.gujaratassembly.gov.in



# સંદેશ

પ્રત્યેક જાહેર સત્તા મંડળના કામકાજમાં પારદર્શિતા લાવવા અને તેમની જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી જાહેર સત્તામંડળોના નિયંત્રણ હેઠળની માહિતી નાગરિકો મેળવી શકે તેવા શુભ આશયથી માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ઘડીને સરકારે અમલમાં મૂકેલ છે. આ અધિનિયમની કલમ-૪ મુજબ દરેક જાહેર સત્તામંડળે તેની જવાબદારીઓનો બહોળો પ્રચાર/પ્રસાર કરવાનો હોય છે. આ જોગવાઈની પૂર્તિ અર્થે ગુજરાત વિધાનસભા સચિવાલયની જવાબદારીઓ/ કામગીરી સંબંધમાં આ પુસ્તકની બીજી આવૃતિ પ્રસિધ્ધ કરતાં હું ખુશી અનુભવું છું.

ભારત લોકશાહી દેશ છે. કોઈપણ લોકતાંત્રિક દેશમાં તેની પ્રજાને અમુક નિયંત્રણોને આધીન પોતાના વિચારો તથા અભિપ્રાય વ્યવસ્થિત રીતે, વિનય અને સુરુચિની મર્યાદામાં, સમજદારી અને સહિષ્ણુતાની મર્યાદામાં વ્યકત કરવાનો અધિકાર હોય છે. લોકતાંત્રિક દેશના આ પ્રસ્થાપિત સિધ્ધાંતને આપણા દેશના બંધારણમાં કલમ-૧૯ દ્વારા મૂર્તિમંત કરવામાં આવેલ છે પરંતુ બંધારણમાં વ્યકત કરેલ આ વિભાવના ત્યારે જ ફળીભૂત થાય જયારે દેશની પ્રજા પૂરતી જાગૃત હોય-સજાગ હોય. આ જાગૃતિ ત્યારે આવે જયારે પ્રજાને કંઈક જ્ઞાન હોય, પ્રજા પાસે માહિતી હોય. માહિતી વિના કોઈપણ વ્યકિત પોતાના વિચારોની અસરકારક રીતે અભિવ્યકિત કરી શકે નહીં. થોડી જાગૃત પ્રજા પોતાની રીતે થોડી ઘણી માહિતી મેળવી શકતી હોય છે પરંતુ એ માહિતી વહીવટીતંત્રનું સાચું અને પૂરતું પ્રતિબિંબ પાડી શકે તેવી હોતી નથી અને તેથી રાજયના વહીવટનું સાચું પ્રતિબિંબ પાડવા, સરકારે સામે ચાલીને પોતાના વહીવટ અંગેની જરૂરી માહિતી પૂરી પાડવા પ્રજાને જાગૃત - માહિતી સભર કરવા અને આડકતરી રીતે પોતાના કાર્યોમાં પ્રજાને સામેલ કરવા માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ઘડીને, લોકશાહીને સાચા અર્થમાં સફળ બનાવવાના પ્રયાસ રૂપે આ પ્રશંસનીય પગલું ભર્યું છે. બંધારણીય જોગવાઈની પૂર્તિ કરવા, તેને વધારે અસરકારક બનાવવા તથા તે દ્વારા લોકશાહીને સફળ બનાવવા લોકોને માહિતીથી સમૃદ્ધ કરવા આ એક હકારાત્મક અભિગમ અપનાવ્યો છે, તેનાથી પ્રજાના પ્રશ્નોને સાચા અર્થમાં વાચા મળી છે, વહીવટીતંત્રની કામગીરીથી લોકો વાકેફ થયા છે અને પ્રજાના પ્રશ્નો હળવા થયા છે સાથે સાથે વહીવટમાં ગતિશીલતા, પારદર્શિતા આવી છે અને વહીવટ લોકાભિમુખ બન્યો છે.

દેશના દરેક નાગરિકને વ્યાપક સંદર્ભમાં સર્વગ્રાહી સ્વાતંત્ર હોય છે, જેની રૂએ તે એના આત્માના અવાજ પ્રમાણે અને એની પોતાની સમજબુધ્ધિ મુજબ તથા તેને ઉપલબ્ધ હકીકતો અને માહિતીના આધારે વિચાર કરવાનું, ભાષણ-વાર્તાલાપ દ્વારા તેને વ્યકત કરવાનું, લેખ/પુસ્તક દ્વારા તેને રજૂ કરવાનું સ્વાતંત્ર ભોગવી શકે છે. જેમ જાગૃત લોકશાહીની બહુ જરૂર છે તેમ લોકમત વ્યકત થવા માટેની મોકળાશ અને સ્વતંત્ર વાતાવરણની પણ ખૂબ જ જરૂર છે. લોકોના મતથી લોકશાહી સરકાર રચાય છે અને લોકોના અભિપ્રાય વડે તે કાર્ય કરે છે એ જેટલું સાચું છે તેટલું જ લોકોના મંતવ્યો સાચી દિશામાં બાંધવા માટે લોકશાહી સરકાર લોકોને માહિતી પૂરી પાડી જરૂરી માર્ગદર્શન આપે તે પણ સાચું છે. લોકશાહીનો આધાર લોકમત પર છે. લોકશિક્ષણ અને લોકશકિતની લોકશાહીમાં ઘણી મોટી કિંમત હોય છે તે સ્વાભાવિક છે. લોકો સમજે, વિચારે, સામાજિક ખ્યાલથી વર્તે તો લોકશાહીનો વિકાસ વણથંભ્યો ચાલે, એ માટે લોકોને કેળવણી આપવી જોઈએ સાથે સાથે તેને માહિતી પણ પૂરી પાડવી જોઈએ તેવી બંધારણે વ્યકત કરેલ ભાવના આ કાયદા થકી પૂર્ણ થઇ રહેલ છે.

લોકશાહીની સફળતાનો આધાર તેની પ્રજાની જાગરૂકતા પર છે. પ્રજા જેટલી જાગરૂક, સજાગ તેટલું વહીવટીતંત્ર સજાગ અને ચેતનવંતુ રહે. પ્રજામાં જાગૃતિ તેની પાસે સરકારની કામગીરીની, જુદી જુદી યોજનાઓની માહિતી સરળતાથી ઉપલબ્ધ બને ત્યારે જ આવી શકે. સરકારની અનેકવિધ કામગીરીથી પ્રજાને વાકેફ કરવા - પ્રજાને માહિતગાર રાખવા તથા તે અન્વયે કોઈ તબકકે વહીવટમાં પારદર્શિતા લાવી, પોતાના કાર્યો સુપેરે પાર પાડવા આ કાયદો લાવવા પાછળનો આશય છે.

શરૂઆતમાં જણાવ્યું તેમ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ-૪ મુજબ દરેક જાહેર સત્તામંડળે પોતાની જવાબદારીઓનો પ્રસાર કરવાનો હોય છે. તેની પ્રસિધ્ધિ આમ જનતા માટે કરવાની હોય છે. વિધાનસભા સચિવાલયે રાજયની પ્રજા સાથે કે સરકારની પ્રજા કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ કે અન્ય પ્રવૃત્તિઓ સાથે સીધી કામગીરી પાર પાડવાની હોતી નથી તેથી પ્રજા વિધાનસભા સચિવાલયની કામગીરીથી વાકેફ હોઈ શકે નહીં તે સ્વાભાવિક છે. આમ, રાજયની પ્રજાને ગુજરાત વિધાનસભા વિશે, તેનો ઈતિહાસ, રચના, ભૂમિકા અને કામગીરી સંબંધે પણ માહિતી મળી રહે તેવા બૃહદ ઉદ્દેશથી આ પુસ્તકમાં વિધાનસભાની બંધારણીય જવાબદારીઓની સાથે સાથે તેના ઉદ્દભવ સંબંધી વધારાની માહિતી પણ આપવામાં આવેલ છે. આશા છે કે આ પુસ્તિકા દ્વારા પ્રજા વિધાનસભા સચિવાલયની કામગીરીથી સુપેરે વાકેફ થશે.

શ્રી શંકરભાઈ ચૌધરી

અધ્યક્ષ,

ગુજરાત વિધાનસભા.

# ગુજરાત વિધાનસભા સચિવાલયને લગતી માહિતી


| | | |
|---|---|---|
| કચેરીનું નામ | :- | ગુજરાત વિધાનસભા સચિવાલય |
| સરનામું | :- | વિઠ્ઠલભાઈ પટેલ ભવન,<br>સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦ |
| ફોન નંબર | :- | ૦૭૯-૨૩૨ ૫૩૦૧૦<br>(કચેરી સામાન્ય શાખા) |
| ફેકસ નંબર | :- | ૦૭૯-૨૩૨૨૦૯૦૨ |
| ઈ-મેઈલ | :- | assembly@gujarat.gov.in |
| વેબસાઈટ | :- | www.gujaratassembly.gov.in |

કચેરીનો સમય :- (૧) સવારના ૧૦:૩૦ થી સાંજના ૧૮:૧૦ સુધીનો છે.

(૨) દર રવિવારે, દરેક મહિનાના બીજા તથા ચોથા શનિવારે તેમજ જાહેર રજાના દિવસે કચેરી બંધ રહેશે.


(૩) વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે કચેરીનો સમય વિધાનસભાગૃહની બેઠકના સમયને અનુરૂપ રાખવામાં આવે છે, એટલે કે -

- સભાગૃહની બેઠકનો સમય બપોરના ૧૨-૦૦ થી સાંજના ૧૭:૦૦ કલાક હોય ત્યારે કચેરીનો સમય સવારના ૧૦:૩૦ કલાક થી સાંજના ૧૮:૧૦ કલાક સુધીનો રહેશે.
- સભાગૃહની બેઠક સવારના ૧૦:૦૦ થી બપોરના ૧૪:૩૦ કલાક સુધી હોય ત્યારે કચેરીનો સમય સવારના ૯:૦૦ થી બપોરના ૧૬:૪૦ કલાક સુધીનો રહેશે.
- સભાગૃહની બે બેઠકો હોય એટલે કે પ્રથમ બેઠકનો સમય સવારના ૧૦:૦૦ થી બપોરના ૧૪:૩૦ કલાક અને બીજી બેઠકનો સમય બપોરના ૧૫:૩૦ થી ૨૦:૦૦ કલાક સુધીનો હોય ત્યારે કચેરીનો સમય સવારના ૯:૦૦ થી સાંજના ૨૦ઃ૩૦ કલાક સુધીનો રહેશે.



# અનુક્રમણિકા


| પ્રકરણ ક્રમાંક | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૧ |
| ૨ | ગુજરાત વિધાનસભાનો ટૂંકો ઈતિહાસ, રચના, ભૂમિકા, કાર્યો અને ફરજો | ૫ |
| ૩ | ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રીના કાર્યાલયનું વહીવટી માળખું (ચાર્ટ સ્વરૂપે) તથા ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ/ કર્મચારીઓની સત્તા અને ફરજો | ૩૦ |
| ૪ | કાર્યો કરવા માટેના કાયદા, નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરો | ૪૯ |
| ૫ | નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ મસલત | ૫૩ |
| ૬ | દસ્તાવેજો અંગેની માહિતી | ૫૪ |
| ૭ | ગુજરાત વિધાનસભા સચિવાલયના અંતર્ગત ભાગ તરીકે રચાયેલ સંસ્થાઓને લગતી માહિતી. | ૫૯ |
| ૮ | ગુજરાત વિધાનસભા સચિવાલયના જાહેર માહિતી અધિકારી તથા એપેલેટ સત્તાધિકારીને લગતી માહિતી. | ૬૪ |
| ૯ | નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ | ૬૮ |
| ૧૦ | અધિકારીઓ/ કર્મચારીઓની સૂચિ | ૭૨ |
| ૧૧ | અધિકારીઓ / કર્મચારીઓને મળતા માસિક મહેનતાણા (વેતન) ને લગતી માહિતી. | ૮૪ |
| ૧૨ | ગુજરાત વિધાનસભા સચિવાલયને ફાળવવામાં આવતા અનુદાનો તથા ખર્ચ-અંદાજપત્રને લગતી માહિતી. | ૯૦ |
| ૧૩ | સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ | ૯૧ |
| ૧૪ | સહાયકી કાર્યક્રમો હેઠળ અપાયેલ રાહતો, પરમીટ કે અધિકૃતિ મેળવનારની માહિતી | ૯૨ |
| ૧૫ | કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો | ૯૩ |
| ૧૬ | વિજાણુ સ્વરૂપે ઉપલબ્ધ માહિતી. | ૯૪ |
| ૧૭ | માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતો. | ૯૫ |
| ૧૮ | પરિશિષ્ટ | ૯૬ |



# પ્રકરણ-૧

**-: પ્રસ્તાવના :-**

ભારત સરકારે, જાહેર સત્તામંડળોના કામકાજમાં પારદર્શકતા લાવવા અને પ્રજા પ્રત્યેની જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી, જાહેર સત્તામંડળોના નિયંત્રણ હેઠળની માહિતી નાગરિકો મેળવી શકે તેવા માહિતી અંગેના અધિકારનો એક સુલભ રાહ કાયદા સ્વરૂપે નિશ્ચિત કર્યો છે. ભારતના સંવિધાનથી દેશમાં લોકશાહી શાસનપધ્ધતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે. લોકશાહીમાં નાગરિકોને જાહેર સત્તાતંત્રોની કામગીરીથી માહિતગાર રાખવા માટે સત્તાતંત્રોની પારદર્શકતા અને તેમાં વિશ્વસનીયતા દ્રઢ થાય તે જરૂરી છે. જાહેરતંત્રોની પારદર્શકતા દ્વારા ભષ્ટ્રાચાર નિયંત્રિત થાય અને સરકારો તેમજ તેના માધ્યમો પ્રજાને જવાબદાર બની રહે તે દિશામાં એક કદમ ભારત સરકારે ભર્યુ છે. લોકશાહી આદર્શની સર્વોપરિતા જાળવવાના ઉદ્દેશ સાથે તા.૧૫મી જૂન ૨૦૦૫ના રોજ ભારત સરકારે, માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫નો અધિનિયમ ક્રમાંક-૨૨) ઘડયો છે. આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને ભારતના તમામ નાગરિકો હવે માહિતી મેળવવાનો અધિકાર મેળવે છે.

૨. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ ભારતની સંસદ તથા રાજય વિધાનમંડળોનો પણ જાહેર સત્તામંડળો તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. તેથી સ્વાભાવિક રીતે જ આ અધિનિયમ ગુજરાત વિધાનસભાને પણ લાગુ પડે છે. આ અધિનિયમની જોગવાઈઓના પાલન માટે અધિનિયમની કલમ -૨૮ હેઠળ વિવિધ સક્ષમ સત્તાધિકારીઓને નિયમો ઘડવાની સત્તા આપવામાં આવી છે. આ જોગવાઈ અન્વયે, ગુજરાત સરકારે અલગ નિયમો પ્રસિધ્ધ કર્યા છે. આ અધિનિયમની જોગવાઈઓ અન્વયે રાજય વિધાનસભાના અધ્યક્ષને પણ સક્ષમ સત્તાધિકારી ગણ્યા હોવાથી અને ભારતના સંવિધાનની કલમ-૧૮૭ હેઠળ મળેલા બંધારણીય દરજ્જાને લક્ષમાં રાખીને, ગુજરાત વિધાનસભા સચિવાલયે પણ ગુજરાત સરકારે ઘડેલા ઉકત નિયમોમાં અનુરૂપ ફેરફારો સાથે અલગ નિયમો ઘડયા છે. (જુઓ પરિશિષ્ટ) અધિનિયમ હેઠળ માહિતી અધિકારને સુવિધાપૂર્ણ બનાવવા યોગ્ય અને સૂચિબધ્ધ સ્વરૂપે, અધિનિયમની કલમ-૪ની જોગવાઈ મુજબ પ્રસ્તુત માહિતી સંગ્રહ પ્રસિધ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ માહિતી સંગ્રહથી જાહેર સત્તામંડળ તરીકે ગુજરાત વિધાનસભા સચિવાલયનું કામકાજ, તેને લગતા દસ્તાવેજો, દફતરો, અધિકારીઓ અને કર્મચારીઓની ફરજો અને જવાબદારીઓ, કામ કરવાની કાર્યપધ્ધતિ, કામકાજ અંગેના નિયમો, વગેરેને લગતી વિગતો પ્રસિધ્ધ કરવામાં આવી છે.

૩. લોકશાહી ત્યારે જ સફળ થઈ શકે જયારે લોકમત જાગૃત હોય. લોકમત ત્યારે જ જાગૃત થઈ શકે જયારે વિશાળ જનસમુદાય રાજકારણમાં અને વિધાનસભાની કાર્યવાહીમાં રસ ધરાવતો થાય. વિધાનસભાની કાર્યવાહી નિહાળવા આવતા લોકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો છે. વિધાનસભાની પ્રેક્ષક દીર્ધામાં ગ્રામ્ય વિસ્તારના સાધારણ જનસમાજના નીચલા વર્ગમાંથી આવતા અશિક્ષિત જેવા દેખાતા પ્રેક્ષકોની સંખ્યા પણ સારી એવી જોવા મળે છે, જે બતાવે છે કે વિધાનસભાની કાર્યવાહીમાં રાજયની સામાન્ય પ્રજા પણ સારો એવો રસ ધરાવતી થઈ છે. જાહેર સત્તામંડળ તરીકે ગુજરાત વિધાનસભાની સંસદીય લોકશાહી પ્રણાલી અનુસાર થતી કામગીરી અંગે જાણકારી મેળવવા ઈચ્છનાર દરેક વ્યકિત, વિધાનસભાના સભ્યશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ, તેમજ ગુજરાત સરકારના અધિકારીઓને આ માહિતી સંગ્રહ ઉપયોગી અને મદદકર્તા બનશે તેવી આશા રાખવામાં આવે છે.

૪. રાજય સરકારના મુલ્કી સચિવાલયના વિભાગો તેમજ અન્ય સરકારી કચેરીઓ કરતાં ગુજરાત વિધાનસભા સચિવાલયની કામગીરી તદ્દન ભિન્ન પ્રકારની છે આથી પ્રસ્તુત માહિતી સંગ્રહ અન્વયે માહિતી મેળવવા ઈચ્છતી દરેક વ્યકિતને પ્રાથમિક જાણકારી મળી રહે તે હેતુથી વિધાનસભા સચિવાલયમાં વિવિધ કામગીરી કરતી નીચે મુજબની વિવિધ શાખાઓ અને તેમાં થતી કામગીરી વિશે જાણકારી આપવામાં આવે છે.

**અ - સંસદીય કામકાજ સંભાળતી શાખાઓ**

(૧) વિધાનશાખા- ૧ - ધારાકીય કામગીરી એટલે કે કાયદા ઘડવા, વૈધાનિક પ્રસ્તાવો, વિધાનસભાનો રોજેરોજનો અને આખા સત્રનો એજન્ડા તૈયાર કરવો વગેરે.

(૨) ટેબલશાખા - અંદાજપત્ર, તેની માગણીઓ પર ગૃહમાં ચર્ચાનો ક્રમ ગોઠવવો, કાપદરખાસ્તો, પ્રસ્તાવો અને સંકલ્પો વગેરે તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વર્ગોના કલ્યાણ માટેની સમિતિ

(૩) પ્રશ્નશાખા - તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

(૪) વિધાનશાખા-૨ - સંસદીય વિશેષાધિકારો

(૫) પ્રતિવેદન શાખા - ગૃહની કાર્યવાહીનું શબ્દસહ શ્રુતલેખન તથા ચર્ચાના અહેવાલોની પ્રસિધ્ધિ

**બ - વિધાનસભાગૃહની સમિતિઓને લગતી કામગીરી સંભાળતી શાખાઓ**

(૧) અંદાજ સમિતિ (સમિતિ શાખા-૧)

(૨) જાહેર હિસાબ સમિતિ (સમિતિશાખા-૨)

(૩) જાહેર સાહસો માટેની સમિતિ (સમિતિશાખા-૩)

(૪) પંચાયતી રાજ સમિતિ (સમિતિશાખા-૭)

(૫) સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ (સમિતિશાખા-૬)
(૬) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ (સમિતિશાખા-૪)
(૭) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ (સમિતિશાખા-૫)
(૮) ગૌણ વિધાન સમિતિ (વિધાનશાખા-૩)

**ક - વહીવટી કામકાજ સંભાળતી શાખાઓ**

| | | |
|---|---|---|
| (૧) | સામાન્ય શાખા | - વિધાનસભા બિલ્ડીંગની જાળવણી, કચેરી વહીવટને લગતી પરચુરણ બાબતો તથા પ્રોટોકોલને લગતી કામગીરી |
| (૨) | પગાર ભથ્થા શાખા | - સભ્યોના પગાર, ભથ્થાં અને સવલતોને લગતી કામગીરી |
| (૩) | મહેકમ શાખા | - સ્ટાફના મહેકમને લગતી કામગીરી |
| (૪) | રોકડ શાખા | - સ્ટાફના પગાર - ભથ્થાંની ચુકવણીને લગતી કામગીરી |
| (૫) | ભાષાંતર શાખા | - ભાષાંતરને લગતી કામગીરી |
| (૬) | ગ્રંથાલય શાખા | - વિધાનસભા ગ્રંથાલયને લગતી કામગીરી |
| (૭) | સંશોધન શાખા | - સંશોધનને લગતી કામગીરી |
| (૮) | સંસદીય બ્યુરો | - સંસદીય વિષયો પર તાલીમને લગતી કામગીરી શાખા |
| (૯) | ટાઈપીંગ શાખા | - ટાઈપીંગને લગતી કામગીરી |
| (૧૦) | આઈ. ટી. શાખા | - વિધાનસભા સચિવાલયના કોમ્પ્યુટરાઈઝેશન લગતી તમામ કામગીરી |

૫. દરેક જાહેર સત્તામંડળનું સંસ્થાકીય માળખું અલગ અલગ પ્રકારનું હોય છે, માહિતી અધિકાર અધિનિયમની કલમ-૨માં વ્યાખ્યાયિત જાહેર સત્તામંડળમાં ગુજરાત વિધાનસભાનો પણ સમાવેશ થાય છે. ગુજરાત વિધાનસભાને સંબંધિત માહિતી પૂરી પાડવા માટે માહિતી અધિકાર અધિનિયમની કલમ-૫ હેઠળ ગુજરાત વિધાનસભા સચિવાલયની જુદી જુદી શાખાઓનો હવાલો ધરાવતા ઉપસચિવ/નાયબ સચિવને જાહેર માહિતી અધિકારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. જયારે જુદી જુદી શાખાઓનો હવાલો ધરાવતા ઉપસચિવ/નાયબ સચિવની તરત ઉપરના અધિકારી તરીકે નાયબ સચિવ/સંયુકત સચિવ/ સચિવને અપીલ અધિકારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. જે અંગેની વિગતવાર માહિતી સંગ્રહના પ્રકરણ-૮માં આપવામાં આવી છે. જાહેર માહિતી અધિકારીના નિર્ણય સામે અપીલ અધિકારીને અરજી કરી શકાશે અને અપીલ અધિકારીના નિર્ણયથી અરજદારને સંતોષ ન થાય તો તે સામે ગુજરાત રાજય માહિતી પંચને અરજી કરી શકશે.

૬.  કોઈ પણ નાગરિક આ માહિતી સંગ્રહમાં જણાવ્યા મુજબ ગુજરાત વિધાનસભાને લગતી માહિતી મેળવવા માંગતા હોયતો તેઓ આ માહિતી સંગ્રહ સાથેના પરિશિષ્ટમાં જણાવેલા નિયમો મુજબ ગુજરાત વિધાનસભા સચિવાલયના જાહેર માહિતી અધિકારીને નિયત ફી સાથેની અરજી કરી માહિતી મેળવી શકશે.



# પ્રકરણ-૨

## ૧. ગુજરાત વિધાનસભાનો ટૂંકો ઈતિહાસ, રચના, ભૂમિકા, કાર્યો અને ફરજો

સન ૧૯૪૭ ની ૧૫મી ઓગષ્ટે આઝાદી મળ્યા પછી દેશમાં સંસદીય લોકશાહી શાસન પધ્ધતિ અમલમાં આવી છે, જેમાં લોકો વડે ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકો માટે શાસનધૂરા સંભાળે છે. કેન્દ્રમાં લોકસભા અને રાજયસભાની બનેલી સંસદ સમગ્ર દેશ માટે કાયદા ઘડે છે તથા લોકહિતનું રક્ષણ કરે છે, જયારે જુદા જુદા રાજયોના વિધાનમંડળો જે તે રાજય માટે કાયદા ઘડે છે તથા પ્રજાકલ્યાણ માટેના કાર્યો કરે છે. "રાજય વિધાનમંડળ" માં ઉપલુ ગૃહ એટલે કે વિધાનપરિષદ અને નીચલુ ગૃહ એટલે કે વિધાનસભા. આપણા દેશનાં ૨૮ રાજયોમાંથી ૬ રાજયો એટલે કે ઉતરપ્રદેશ, બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, તેલંગાણા અને આંધ્રપ્રદેશ રાજયોમાં બે ગૃહો એટલે કે વિધાનપરિષદ અને વિધાનસભા અસ્તિત્વમાં છે. જયારે ૨૨ રાજયોમાં માત્ર એક જ ગૃહ એટલે કે ફકત વિધાનસભા જ છે, જેમાં ગુજરાત રાજયનો પણ સમાવેશ થાય છે. તેથી સ્વરૂપની દ્રષ્ટિએ ગુજરાત રાજયની વિધાનસભા એ એકગૃહી વિધાનસભા છે.

પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓની સંસ્થા હોવાના અને સર્વોચ્ચ સત્તાના કેન્દ્ર હોવાના નાતે ગુજરાત વિધાનસભા લોકશાહીનો આધારસ્તંભ બની રહી છે. ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ તો પૂર્વ મુંબઈ રાજયનું વિભાજન થતાં તા. ૧લી મે, ૧૯૬૦ના રોજથી ગુજરાત વિધાનસભા અસ્તિત્વમાં આવી છે. વિભાજન સમયે પૂર્વ મુંબઈ વિધાનસભામાં ગુજરાતના પ્રાદેશિક મત વિભાગોમાંથી ચૂંટાયેલા ૧૩૨ ધારાસભ્યો હતા તે બધા પ્રથમ ગુજરાત વિધાનસભાના સભ્યો બન્યા. ત્યારબાદ રાજયની વસ્તીમાં ઉત્તરોત્તર વધારો થતાં અને રાજયના મત વિસ્તારોનું પુનઃ સીમાંકન થતાં વિધાનસભાની સભ્ય સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતા સન ૧૯૬૨ માં ૧૫૪, સન ૧૯૬૭ માં ૧૬૮ અને સન ૧૯૭૫ માં ૧૮૨ થઈ છે. સન ૧૯૭૫ પછી થયેલા બંધારણીય સુધારાને પરિણામે વિધાનસભાની સભ્ય સંખ્યા રાજયની વસ્તીમાં વધારો થયો હોવા છતાં સ્થગિત થઈ ગયેલ છે. ગુજરાત વિધાનસભામાં ૧૮૨ મત વિસ્તારો પૈકી ૧૩ મત વિસ્તારો અનુસૂચિત જાતિઓ માટે અને ચૌદમી ગુજરાત વિધાનસભાની યાદી મુજબ ૨૭ મત વિસ્તારો અનુસૂચિત જનજાતિઓ માટે આરક્ષિત છે. રાજયના પ્રજાજનો તેમના પ્રતિનિધિઓને સીધી ચૂંટણી કરીને પસંદ કરે છે.

ગુજરાત વિધાનસભાએ તેની બંધારણીય ફરજો બજાવવા માટે ભારતના બંધારણની કલમ ૨૦૮ અન્વયે ગુજરાત વિધાનસભાના નિયમો ઘડયા છે. આ નિયમો હેઠળ ધારા ઘડવા, નાણાકીય

દરખાસ્તોને મંજૂરી આપવા, લોકોના પ્રશ્નોને વાચા આપવા માટેના પ્રશ્નો, પ્રસ્તાવો, સંકલ્પો, ધ્યાન

દોરતી સૂચનાઓ વગેરે બાબતોની ચર્ચા માટે અપનાવવાની થતી કાર્યપધ્ધતિને આવરી લેવામાં આવી છે.

ભારતના બંધારણ હેઠળ ગુજરાત વિધાનસભાની, રાજયના પ્રાદેશિક વિસ્તાર માટે કાયદા ઘડવાની મુખ્ય ફરજ છે. સાથોસાથ રાજય સરકાર તરફથી રજૂ થતી નાણાંકીય દરખાસ્તો (અંદાજપત્ર, પૂરક માગણીઓ, વધારાના ખર્ચનું પત્રક) વગેરેને મંજૂરી આપવાની હોય છે. રાજય સરકારની નાણાકીય દરખાસ્તોને મંજૂરી આપતી વખતે વિધાનસભામાં સરકારે કરવા ધારેલા ખર્ચના ઔચિત્ય, તેના વ્યાજબીપણા તથા ઉદ્દેશ વગેરે બાબતો અંગે પુખ્ત ચર્ચા વિચારણા કરવામાં આવે છે. આમ નાણાકીય દરખાસ્તોને મંજૂરી આપતી વખતે સરકારના વહીવટની વિધાનસભા દ્વારા સમીક્ષા કરવામાં આવે છે. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી સર્વોચ્ચ સંસ્થા તરીકે વિધાનસભા જનહિતને સ્પર્શતા મહત્વના પ્રશ્નોને વાચા આપે છે. રાજય સરકાર તથા તેના વહીવટીતંત્ર પર નિયંત્રણ અને અંકુશ રાખીને લોકો પ્રત્યેની જવાબદારીના પાલનમાં પણ ગુજરાત વિધાનસભા મહત્વની ભૂમિકા ભજવે છે. વિધાનસભાની જુદી જુદી સમિતિઓ ધ્વારા પણ રાજય સરકારના વહીવટની તલસ્પર્શી વિચારણા કરીને તેમાં જરૂરી સુધારા માટે સમિતિઓ ભલામણો કરે છે અને રાજય સરકાર મહદ અંશે વિધાનસભાની સમિતિઓએ કરેલી આવી ભલામણોનો અમલ કરે છે.

રાજય સરકાર વિધાનસભાનો વિશ્વાસ ગુમાવે તેવા સંજોગોમાં અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરીને સરકારને સત્તા પરથી દૂર કરવાની છેવટની સત્તા પણ વિધાનસભા ધરાવે છે. આમ સંસદીય લોકશાહીમાં વિધાનસભાને સુપ્રત થયેલી તમામ ફરજો ગુજરાત વિધાનસભાએ અદા કરવાની હોય છે.

ભારતમાં સંસદ કે રાજયના વિધાનમંડળો સાર્વભૌમ નથી, તેમની કાયદા ઘડવાની સત્તાઓ ઉપર ત્રણ પ્રકારના નિયંત્રણો છે.

(૧) ભારતના સંવિધાનથી કાયદા ઘડવાની સત્તા, સંઘ અને રાજયો વચ્ચે સ્પષ્ટ રીતે વહેંચવામાં આવી છે તેથી રાજયોને ફાળવેલા વિષયોના સંદર્ભમાં સંસદ કાયદો ઘડી શકતી નથી અને કેન્દ્રને ફાળવેલા વિષયોના સંદર્ભમાં રાજય વિધાનમંડળ કાયદા ઘડી શકતી નથી.

(૨) ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે આથી રાજયની વિધાનમંડળે ઘડેલો કાયદો મૂળભૂત અધિકારોને આધીન છે. કોઈપણ કાયદાથી જો

મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય તો કોર્ટમાં તેને પડકારી શકાય છે અને કોર્ટ તેવા કાયદાને ગેરબંધારણીય ઠરાવી શકે છે.

(૩) બંધારણની કલમ - ૨૪૫ (૧) અન્વયે સંસદ અને રાજય વિધાનમંડળે ઘડેલા કાયદા ભારતના બંધારણની જોગવાઈઓને આધીન છે, આથી ભારતના બંધારણની કોઈપણ કલમનું જો તેનાથી ઉલ્લંઘન થતું હોય તો તેને કોર્ટમાં પડકારી શકાય છે, અને કોર્ટ તેવા કાયદાને ગેરબંધારણીય ઠરાવી શકે છે.

કાયદો ઘડવાની સત્તાઓ ઉપરાંત વિધાનસભાને બીજી પણ સત્તાઓ છે. રાજયનું મંત્રીમંડળ વિધાનસભાને સંયુકત રીતે જવાબદાર છે અને તેથી મંત્રીમંડળને દૂર કરવાની સત્તા પણ વિધાનસભા ધરાવે છે.

ભારતના બંધારણની કલમ-૨૬૫ મુજબ કાયદો પસાર કર્યા સિવાય કોઈ કર નાખી શકાતો નથી અને કલમ-૨૬૬ (૩) મુજબ કાયદાથી મળેલી સત્તા સિવાય કોઈ ખર્ચ કરી શકાતો નથી. કારોબારી ખર્ચ કર્યા સિવાય વહીવટ કરી શકે નહી અને ખર્ચ કરવા માટે જે નાણાની જરૂર પડે તે મુખ્યત્વે કર નાખ્યા સિવાય મળી શકે નહી, તેથી ખર્ચ કરવા માટે કર નાખવા તેમજ કર ઉઘરાવવા માટે કાયદો પસાર કરાવવા કારોબારીએ વિધાનસભા પાસે આવવું જ પડે છે. ભારતના બંધારણની જોગવાઈઓ મુજબ કારોબારીએ વર્ષમાં ઓછામાં ઓછા બે વખત વિધાનસભા પાસે આવવું અનિવાર્ય છે. ખર્ચ મંજૂર કરતી વખતે અને કર નાખવાની મંજૂરી આપતી વખતે વિધાનસભા કારોબારીની ટીકા કરી શકે છે, કારોબારીનો જુદી જુદી બાબતો અંગે જવાબ પણ માંગી શકે છે અને આમ કારોબારી ઉપર વિધાનસભા તેનો અંકુશ રાખી શકે છે. વિધાનસભાની એક દિવસની કાર્યવાહીને બેઠક કહેવામાં આવે છે અને ઘણા દિવસોની બેઠકોને સત્ર કહેવામાં આવે છે.

**(૧) વિધાનસભા - કાયદાની સર્જક - પ્રજાકલ્યાણની હિતરક્ષક**

ભારતના બંધારણની સાતમી અનુસૂચિમાં સંઘ યાદી, રાજય યાદી અને સંયુકત યાદી હેઠળ કાયદો ઘડવાની સત્તા સંઘ અને રાજયો વચ્ચે વહેંચી દેવામાં આવી છે. વિધાનસભા માત્ર રાજયયાદીમાં આપવામાં આવેલા વિષયો ઉપર પોતાના રાજય પૂરતા કાયદા ઘડવાની સત્તા ધરાવે છે. જો કે કેન્દ્ર સરકાર ધ્વારા કટોકટી જાહેર થઈ હોય તે સમયગાળા દરમિયાન સંઘ યાદીમાં સમાવેશ ન થયો હોય તેવા વિષયો પર કાયદા ઘડવાની સંસદને સત્તા પ્રાપ્ત થાય છે. સંયુકત યાદીમાં દર્શાવેલા વિષયો ઉપર સંજોગો અનુસાર રાજય અને કેન્દ્ર એમ બંને કાયદા ઘડી શકે છે, પરંતુ સંઘયાદીમાં આપવામાં આવેલા વિષયો ઉપર રાજય કાયદા ઘડી શકતું નથી. કાયદા ઘડવાની આ સત્તાને કારણે વિધાનમંડળ વહીવટી તેમજ નાણાકીય બાબતોમાં કારોબારી ઉપર પોતાનો અંકુશ રાખી શકે છે. વિધાનસભાની મંજૂરી વિના સરકાર એક પણ પૈસાનો ખર્ચ કરી શકતું નથી કે એક પૈસાનો કર પણ નાખી શકતું નથી. વિધાનસભાનું સત્ર ચાલુ ન હોય અને

તાકીદના સંજોગોમાં કોઈ કાયદો કરવો જરૂરી હોય ત્યારે સરકાર વટહુકમ કરીને કામચલાઉ કાયદો કરી શકે છે અને આવી રીતે બહાર પાડેલા વટહુકમને ત્યારપછી મળનાર વિધાનસભાના સત્રમાં રજૂ કરવો પડે છે અને જો તેને કાયમી કાયદો બનાવવો હોય તો તમામ સંસદીય પ્રક્રિયાનું પાલન કરીને તેને વિધાનસભામાં પસાર કરવો જરૂરી બને છે.

રાજયના અધિકારમાં આવતાં વિષયો પરની બાબતમાં પ્રજાના હિતની રક્ષા કરવાની જવાબદારી વિધાનસભાની રહે છે. રાજયની પ્રજાની લાગણી અને માગણીને અહીં વાચા મળે છે. જાહેર હિતની કોઈ પણ બાબત ઉપર મુકતપણે પોતાના વિચારો વ્યકત કરવાનું વિધાનસભા એક માત્ર ઉચિત સ્થળ છે. વિધાનસભામાં પસાર કરેલા કાયદા અનુસાર સરકાર કામ કરે છે કે નહિ તે જોવા માટે અને પ્રજાના હિતના રક્ષણ માટે વિધાનસભાએ પ્રસ્તાવો, ધ્યાન દોરતી સૂચના, અડધા કલાકની સૂચના, સભા મોકૂફીની દરખાસ્ત વિગેરે જેવી વિવિધ સંસદીય પધ્ધતિઓ અપનાવી છે. વિધાનસભ્યો કોઈપણ પ્રકારના ભય વગર આમાંથી કોઈપણ પધ્ધતિનો નિયમો અનુસાર ઉપયોગ કરી શકે છે. આ સંસદીય પધ્ધતિનો ઉપયોગ કરીને સભ્યો સભાગૃહમાં પોતાના મંતવ્યો ભયમુકત બનીને વ્યકત કરી શકે છે. વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પછીની વિધાનસભાની પ્રથમ બેઠકને તેમજ દરેક વર્ષે વર્ષની પ્રથમ બેઠકને રાજયપાલ સંબોધન કરે છે. દર વર્ષે અંદાજપત્રની રજુઆત પૂર્વે નાણામંત્રી સભાગૃહમાં પ્રવચન કરે છે. રાજયપાલશ્રીના સંબોધન પર તેમજ નાણામંત્રીના અંદાજપત્ર પર સભાગૃહમાં ચર્ચા થાય છે. જે દરમ્યાન શાસકપક્ષના તેમજ વિરોધપક્ષના દરેક સભ્યને સંબંધિત વિષય પર પોતાના મંતવ્યો તેમજ વિચારો વ્યકત કરવાની વિપુલ તક મળે છે. એટલું જ નહિ, સરકાર પર વહીવટી અંકુશ રાખવા માટે સભાગૃહના સભ્યોની બનેલી જુદી જુદી સંસદીય સમિતિઓ રચવામાં આવી છે. જાહેર હિસાબ સમિતિ, અંદાજ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ જેવી ચાર નાણાકીય સમિતિઓ સરકારી ખર્ચ પર અંકુશ રાખવાનું કામ કરે છે. સભાગૃહ જેની ચર્ચા માટે સમય ફાળવી શકતું નથી એવી નાની બાબતો પર પણ આ સમિતિઓ ઊંડાણપૂર્વક તપાસ કરે છે અને આવી બાબતો પર યોગ્ય ભલામણો સાથે પોતાનો અહેવાલ સભાગૃહમાં રજૂ કરે છે. સરકારની ગંભીર નિષ્ફળતાના કિસ્સામાં સભ્યો સરકાર સામે અવિશ્વાસનો પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ કરી શકે છે અને જો પ્રસ્તાવ પસાર થાય તો સરકારનું પતન થાય છે.

## (૨) વિધાનસભામાં નાણાકીય કામકાજ

નાણાકીય વર્ષ દરમ્યાન કેટલો ખર્ચ થવાની ધારણા છે અને તે ખર્ચ કરવા માટેના નાણા કયા સાધનોમાંથી મેળવવાના છે તેના અંદાજો દર્શાવતું નાણાકીય વિવરણપત્રક એટલે કે અંદાજપત્ર - બજેટ, દર વર્ષે વિધાનસભામાં રજૂ કરવામાં આવે છે. ગુજરાત રાજયની રચના થઈ તે વર્ષે એટલે કે સન ૧૯૬૦-૬૧માં રૂા.૧૧૪.૯૨ કરોડનું અંદાજપત્ર વિધાનસભામાં રજૂ થયું હતું.

રાજયની થતી ઉત્તરોત્તર પ્રગતિ અને વિકાસને કારણે આંકડાની દૃષ્ટિએ અંદાજપત્રમાં છેલ્લા ૫૦ વર્ષમાં અનેકગણો વધારો થયો છે.

**(૩) ધારાકીય કામકાજ**

વિધાનસભા કાયદો ઘડવાનું સૌથી મહત્વનું કામ કરે છે તેનો મતલબ એવો નથી કે વિધાનસભા ઈચ્છે તે વિષયને લગતા કાયદાઓ તે ઘડી શકે છે. ભારતનું બંધારણ સમવાયી છે તેથી સંસદ અને રાજયના વિધાનમંડળની કાયદા ઘડવાની સત્તા મર્યાદિત છે. બંધારણની સાતમી અનુસૂચિની રાજય યાદીમાં દર્શાવ્યા પ્રમાણે રાજયની વિધાનસભા તેમાં દર્શાવેલા વિષયોને લગતા જ કાયદાઓ ઘડી શકે છે. કાયદાનું સ્વરૂપ આપવા માટે વિધાનસભા સમક્ષ રજૂ કરવામાં આવતાં ખરડાને અંગ્રેજીમાં "બિલ" અને ગુજરાતીમાં "વિધેયક" તરીકે ઓળખવામાં આવે છે. વિધેયક સભાગૃહમાં રજૂ કરવામાં આવે તે પછી તેનુ પહેલું વાંચન, બીજું વાંચન, કલમવાર વાંચન અને ત્રીજું વાંચન થાય છે. વિધેયક ઉપર સભ્યો પોતાના સુધારા આપી શકે છે. એ જાણવું રસપ્રદ થશે કે, વિધેયકમાં ઉપર જણાવ્યા મુજબ વાંચનના દરેક તબકકે તેમજ દરેક કલમો ઉપર અને દરેક સુધારા ઉપર સભાગૃહમાં મતદાન થાય છે.

**(૪) પ્રશ્નોત્તરી**

સરકારની રોજબરોજની પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવા માટે સૌથી અસરકારક સાધન પ્રશ્નોત્તરી છે. વિધાનસભા સત્રમાં, દરરોજ બેઠકનો પહેલો કલાક પ્રશ્નોત્તરીનો હોય છે, અને ગૃહની આખા દિવસની કાર્યવાહીમાં પ્રશ્નોત્તરીનો આ કલાક સૌથી વધુ રસપ્રદ હોય છે પ્રશ્નોત્તરીના આ કલાક દરમ્યાન સભ્યો પૂરક પ્રશ્નો ધ્વારા સરકારી તંત્ર અને મંત્રીની તૈયારી તથા હાજર જવાબીપણાની કસોટી કરે છે. પ્રશ્નો ત્રણ પ્રકારના હોય છે. ટૂંકી મુદતના પ્રશ્નો, તારાંકિત પ્રશ્નો અને અતારાંકિત પ્રશ્નો. વિધાનસભાની બેઠક દરમ્યાન જે પ્રશ્નોના જવાબ મંત્રી સભાગૃહમાં મૌખિક રીતે આપે છે અને જેના ઉપર ગૃહમાં પૂરક પ્રશ્નો પૂછી શકાય છે તેવા પ્રશ્નોને તારાંકિત પ્રશ્નો કહેવામાં આવે છે. અતારાંકિત પ્રશ્નોના જવાબોને લેખિત સ્વરૂપે સભાગૃહમાં રજૂ કરવામાં આવે છે અને તેના ઉપર પૂરક પ્રશ્નો પૂછી શકાતા નથી અને આવા પ્રશ્નો વર્ષ દરમ્યાન ગમે ત્યારે પૂછી શકાય છે. જયારે કોઈ તાકીદની બાબત અંગે સભ્યોએ પ્રશ્નો પૂછવા હોય ત્યારે ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવામાં આવે છે.

**(૫) પ્રસ્તાવો**

રાજયમાં જયારે કોઈ પણ મહત્વની ઘટના બને છે ત્યારે તેનો પડઘો વિધાનસભામાં અવશ્ય પડે છે. વિધાનસભા સમક્ષ આવી બાબતો લાવવા માટે સભ્યોએ લાગુ પડતા જે તે પ્રસ્તાવની સૂચના આપવાની હોય છે. રાજયમાં બનતા દરેક બનાવની ગંભીરતા સરકારના ધ્યાન ઉપર લાવવા માટે અને તેના ઉપર જરૂરી પગલાં લેવાય તે માટે ધ્યાન દોરતી સૂચના, ટૂંક

સમયની ચર્ચા ઉપસ્થિત કરવાની સૂચના, સભામોકૂફીના પ્રસ્તાવની સૂચના, અવિશ્વાસના પ્રસ્તાવની સૂચના, જાહેર હીતની બાબતો પર સંકલ્પ (ઠરાવ) લાવવાની સૂચના વગેરે આપી શકાય છે.

**(૬) ગૃહની સમિતિઓ**

વહીવટી તંત્રની રોજબરોજની પ્રવૃત્તિઓ ઉપર અંકુશ રાખવા માટેનું બીજું સાધન એ વિધાનસભાની સમિતિઓ છે. મોટી સભ્ય સંખ્યા અને બીજી કેટલીક મર્યાદાઓને કારણે વિધાનસભા જે કામ નથી કરી શકતી તે કામ વિધાનસભાની સમિતિઓ ઝીણવટથી કરે છે. ગુજરાત વિધાનસભામાં જુદી જુદી કુલ ૧૯ જેટલી સમિતિઓ છે. જેમાં ચાર નાણાકીય સમિતિઓ મહત્વની કામગીરી કરે છે. જાહેર હિસાબ સમિતિ, ખર્ચના હિસાબો ઉપરના સી.એ.જી.ના ઓડિટ અહેવાલો તપાસે છે અને જે હેતુ માટે વિધાનસભાએ નાણા મંજુર કર્યા હોય તે હેતુ માટે નાણા ખર્ચાયા છે કે કેમ તે તપાસે છે. અંદાજ સમિતિ, અંદાજપત્રમાં દર્શાવેલા આવક તથા ખર્ચના અંદાજો તપાસે છે અને થઈ શકે તેવી કરકસર અંગે વ્યવસ્થામાં કે કાર્યક્ષમતામાં સુધારા અથવા વહીવટી સુધારા બાબતમાં ભલામણો કરે છે. જાહેર સાહસો માટેની સમિતિ, રાજયમાં આવેલા જાહેર સાહસોને લગતા સી.એ.જી.ના ઓડીટ રિપોર્ટમાં જણાવેલ બાબતોની તપાસ ઉપરાંત રાજયના જાહેર સાહસોની કામગીરી તદુંરસ્ત વ્યાપારી ધોરણે ચાલે છે કે કેમ તેની તપાસ કરે છે. પંચાયતી રાજ સમિતિ, જિલ્લા અને તાલુકા પંચાયતોએ કરેલા ખર્ચ ઉપરના સ્થાનિક ભંડોળ હિસાબ નિરિક્ષકશ્રીના ઓડીટ અહેવાલોની તપાસ કરે છે. ભારતના અન્ય બે-ત્રણ રાજયોમાં આવી પંચાયતીરાજ સમિતિ છે. ઉકત ચાર નાણાકીય સમિતિઓ ઉપરાંત અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની, અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિઓ પણ અસ્તિત્વમાં છે જે આ જાતિઓના કલ્યાણને લગતી કામગીરી કરે છે. બીજા રાજયોમાં ઉકત ત્રણે પછાત જાતિઓના કલ્યાણ માટેની એક જ સમિતિ કામ કરે છે. જયારે ગુજરાતમાં ઉપર જણાવ્યું તે પ્રમાણે ત્રણે પછાત જાતિઓ માટે અલગ અલગ સમિતિઓ છે. તદ્દઉપરાંત એક બીજી પણ મહત્વની સમિતિ એટલે કે સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ છે. મંત્રીશ્રીઓ સભાગૃહમાં જે કાંઈ ખાતરીઓ આપે તેનો બરાબર અમલ થાય છે કે નહિ તે તપાસવાનું કામ આ સમિતિ કરે છે. આવી સમિતિ ઈંગ્લેન્ડના હાઉસ ઓફ કોમન્સમાં નથી. લોકસભાના પ્રથમ અધ્યક્ષ દાદા સાહેબ માવળંકરનું ભારતીય સંસદીય લોકશાહીને આ અનેરૂ પ્રદાન છે. ગૌણ વિધાન સમિતિ નામની બીજી એક એવી ગૃહની સમિતિ છે કે જે કોઈ કાયદા અન્વયે સરકારને મળેલી સત્તા અનુસાર સરકારે ઘડેલા નિયમો, તે કાયદાએ આપેલી સત્તાની મર્યાદામાં ઘડવામાં આવ્યા છે કે કેમ તેની તપાસ કરે છે. વિધાનસભાની બેઠકો ન હોય ત્યારે સમિતિઓની બેઠકો સતત મળતી રહે છે. આ સમિતિઓ સરકારના સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ એટલે કે સચિવોને તપાસે છે. વિધાનસભા

ગૃહમાં મંત્રીશ્રીઓએ જવાબો આપવાના હોય છે. જયારે સમિતિઓ સમક્ષ સરકારના ઉચ્ચ અધિકારીઓએ જવાબો આપવાના હોવાથી વહીવટીતંત્ર પર સમિતિઓની ધાક રહે છે. આમ, ગૃહની સમિતિઓ તેમની કામગીરી ધ્વારા મંત્રીમંડળ અને સરકાર ઉપર અસરકારક નિયંત્રણ રાખવાનું કામ કરે છે. ગુજરાતના વહીવટીતંત્રને લોકાભિમુખ બનાવવામાં અને તેની કાર્ય-પધ્ધતિમાં સુધારાઓ સૂચવવામાં આ સમિતિઓનું ઘણું મોટું પ્રદાન રહયું છે.

### ૨. અધ્યક્ષની ખુરશી

ગુજરાત વિધાનસભામાં અત્યારે અધ્યક્ષને બેસવા માટેની જે ખુરશી છે એ ખુરશી પાછળ પણ એક ઈતિહાસ રહેલો છે. જયારે સૌરાષ્ટ્ર વિધાનસભાની રચના થઈ ત્યારે તે વખતે ધ્રાંગધ્રાના ભૂતપૂર્વ મહારાજા શ્રી રાજમેઘરાજજી (મયુરધ્વજસિંહજી) એ તેમની પાસે અધ્યક્ષના સ્થાનને અનુરૂપ જે એક સુંદર ખુરશી હતી તે સૌરાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષના ઉપયોગ માટે આપી હતી. ત્યારબાદ ૧૯૫૬માં સૌરાષ્ટ્ર રાજય મુંબઈ રાજયમાં ભળી ગયું ત્યારે આ ખુરશી બાંધકામ ખાતાને સુપરત કરવામાં આવી હતી. ૧૯૬૦માં જયારે ગુજરાત રાજયની રચના થઈ ત્યારે આ ખુરશી પાછી મંગાવવામાં આવી હતી અને અત્યારે વિધાનસભાના અધ્યક્ષની ખુરશી તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

### ૩. વિધાનસભા અને ન્યાયતંત્ર

સંસદ અને રાજય વિધાનમંડળ એ બન્ને ઉપર ભારતના બંધારણે જે મર્યાદાઓ મૂકી છે તે મર્યાદામાં તે બંને સાર્વભૌમ છે. લેખિત બંધારણ નીચે ધારાસભાની સર્વોપરીતા ફકત તેની જેટલી સત્તા છે તેની અંદર જ છે પરંતુ જયારે કોઈ ચોકકસ કાયદાને પડકારવામાં આવે ત્યારે તેની શું સત્તા છે અને શું નથી તે નકકી કરવાનું કામ કોર્ટોનું છે.

કેન્દ્રનો કાયદો હોય કે રાજયનો કાયદો હોય કે ગૌણ વિધાન હોય તે બધું જ અલ્ટ્રાવાયર્સના સિધ્ધાંતને (જેણે કાયદો કે ગૌણ વિધાન કર્યું હોય તેને તે કરવાની સત્તા હતી કે કેમ તેમજ તે તેની સત્તા બહારનું હતું કે કેમ તે નકકી કરવાને લગતો સિધ્ધાંત) અને અદાલતી સમીક્ષાને આધીન છે. કોર્ટોએ ફકત કાયદાનું અર્થઘટન કરવાનું છે અને કાયદો કેવો હોવો જોઈએ તેની ચર્ચામાં ઉતરવાનું નથી.

બંધારણની જોગવાઈઓને આધીન રહીને રાજય વિધાનમંડળ તેની કાર્યરિતીનું નિયમન કરી શકે છે. વિધાનસભાની કાર્યવાહીને કાર્યરીતીની અનિયમિતતાના કારણસર કોર્ટમાં પડકારી શકાતી નથી. જયાં સુધી વિશેષાધિકારની બાબતોને સંબંધ છે ત્યાં સુધી વિશેષાધિકારોની બાબતમાં ફકત ધારાસભા એકલી જ તે બાબતનો નિર્ણય કરી શકે છે. સબજયુડિસનો નિયમ તેને લાગુ પડતો નથી. અને સબજયુડિસનો નિયમ કોઈ કાયદો પસાર કરવામાં બાધક પણ બનતો નથી.

### ૪. વિધાનસભા અને પ્રેસ (સમાચાર સંસ્થાઓ)

વિધાનસભામાં શું થઈ રહ્યું છે તેનાથી પ્રેસ લોકોને માહિતગાર રાખે છે. વિધાનસભાની કાર્યવાહીને પ્રેસ મારફત પ્રસિધ્ધિ મળે છે. એટલું જ નહીં પરંતુ પ્રેસ મારફત જ વિધાનસભા જુદી જુદી માહિતી મેળવે છે. જે તેને કારોબારી ઉપર અસરકારક રીતે દેખરેખ રાખવામાં અને અંકુશ રાખવામાં મદદ કરે છે. ઘણીવાર પ્રેસને ધારાસભાનો વધારાનો ભાગ (એકસ્ટેન્સન) ગણવામાં આવે છે. પ્રેસ વહીવટી ભૂલો, ગોટાળા અને ખામીઓ બહાર લાવવા માટે સખત મહેનત કરે છે અને લોકોની ફરિયાદો અને મુશ્કેલીઓને વાચા આપે છે અને નીતિઓનો અમલ કેવી રીતે કરવામાં આવે છે અને વહીવટ લોકોને કેવી રીતે અસર કરે છે તેનો અહેવાલ આપે છે.

વિધાનસભાના સભ્યો માટે સંસદીય પ્રશ્નો, પ્રસ્તાવો અને ચર્ચા માટેની ઘણીખરી કાચી સામગ્રી વર્તમાનપત્રો પૂરી પાડે છે. અને ઘણીવાર સભ્યો મહદ્ અંશે આ અગત્યના સાધન ઉપર આધાર રાખે છે. પરંતુ નિયમો મુજબ જે સુચનાઓ ફકત આવા અહેવાલ ઉપર જ આધારિત હોય છે તેવી સૂચનાઓ દાખલ કરવામાં આવતી નથી. ભારતના બંધારણની કલમ-૧૯૪ (૨) મુજબ ગૃહના અધિકાર નીચે ગૃહની કાર્યવાહી પ્રસિધ્ધ કરવામાં આવી હોય તો તે પ્રસિધ્ધ કરનાર વ્યકિતને તેવી પ્રસિધ્ધિ માટેની જવાબદારીમાંથી મુકિત મળે છે પરંતુ આ મુકિત ગૃહના સભ્યે અથવા બીજી કોઈપણ વ્યકિતએ અલગ રીતે કરેલા કાર્યવાહીના પ્રકાશનને લાગુ પડતી નથી. બંધારણની કલમ-૩૬૧-ક હેઠળ સંસદ અને રાજય વિધાનમંડળની કાર્યવાહીની પ્રસિધ્ધિને રક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

### ૫. સભાગૃહના નેતા

વિધાનસભામાં બહુમતિ સભ્ય સંખ્યા ધરાવતા પક્ષના નેતા સભાગૃહના નેતા તરીકે કામ કરે છે. સભાગૃહના નેતા એટલે મુખ્યમંત્રી અથવા મુખ્યમંત્રીએ નિયુકત કરેલ કોઈ પણ મંત્રી. સભાગૃહના નેતા સંસદીય કામકાજના કર્તાહર્તા હોય છે. વિધાનસભાનું સત્ર બોલાવવાની તારીખ, સત્ર સમાપ્તિની તારીખ અને વિધાનસભાના સત્ર દરમિયાન હાથ ઉપર લેવાના કામકાજનો કાર્યક્રમ તેઓ નકકી કરે છે. ગૃહમાં કયારે, કયું કામકાજ હાથ ધરવું અને કયા ક્રમમાં હાથ ધરવું તે સભાગૃહના નેતા નકકી કરે છે. સભાગૃહના નેતાનો વિધાનસભાના કામકાજ ઉપર સીધો પ્રભાવ હોય છે.

### ૬. વિધાનસભાના અધ્યક્ષ/ઉપાધ્યક્ષ

વિધાનસભાની સામાન્ય ચુંટણી બાદ વિધાનસભાની પ્રથમ બેઠકના દિવસે વિધાનસભામાં ચુંટાયેલા સભ્યોમાંથી, બહુમતી ધરાવતા શાસકપક્ષમાંથી સભાગૃહ દ્વારા એક સભ્યની અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવે છે, અને બીજા એક સભ્યની ઉપાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવે છે. ગુજરાત વિધાનસભાની પ્રણાલી અનુસાર ઉપાધ્યક્ષનું સ્થાન સામાન્ય રીતે વિરોધપક્ષના સભ્યને આપવામાં આવતું હોય છે. સન ૧૯૭૩માં ગુજરાત વિધાનસભાના નિયમોમાં સુધારા કરવામાં આવ્યા ત્યાં સુધી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી બેલેટ પધ્ધતિથી કરવામાં આવતી

હતી. પરંતુ નિયમોમાં સુધારા થયા બાદ અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષની ચૂંટણી તે હેતુ માટેનો પ્રસ્તાવ પસાર કરીને કરવામાં આવે છે. અધ્યક્ષ/ ઉપાધ્યક્ષની ચૂંટણી બિનહરીફ થાય તેવી એક પ્રણાલી રૂઢ થઈ છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષના હોદ્દાની મુદત લોકસભાના અધ્યક્ષની જેમ જ હોય છે. નવી વિધાનસભાની ચુંટણીઓ થાય અને નવા અધ્યક્ષની વરણી થાય ત્યાં સુધી તેઓ હોદ્દા પર ચાલુ રહે છે. જયારે વિધાનસભાની મુદત પુરી થતાં ઉપાધ્યક્ષની મુદત પૂરી થાય છે. ઉપાધ્યક્ષને રાજયકક્ષાના મંત્રી સમકક્ષનો દરજ્જો આપવામાં આવ્યો છે, જયારે અધ્યક્ષને કેબીનેટ કક્ષાના મંત્રી સમકક્ષ દરજ્જો આપવામાં આવ્યો છે.

લોકસભાની જેમ જ ગુજરાત વિધાનસભામાં પણ અધ્યક્ષ કે ઉપાધ્યક્ષે, અધ્યક્ષ / ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાતા પહેલાં સભ્ય તરીકે જે શપથ લીધા હોય તે ઉપરાંત અધ્યક્ષ/ઉપાધ્યક્ષનો હોદ્દો ધારણ કરતાં પહેલા બીજા કોઈ શપથ લેવાના હોતા નથી. ગુજરાત વિધાનસભામાં ઉપાધ્યક્ષ સભાગૃહની ચર્ચામાં કે મતદાનમાં ભાગ લઈ શકે છે એટલું જ નહી પરંતુ પ્રશ્નો, પ્રસ્તાવો, ઠરાવો વગેરેની સૂચના પણ આપી શકે છે.

અધ્યક્ષને સભાગૃહના સભ્યો ચૂંટે છે. તે રીતે તેમને દૂર કરવાની સત્તા પણ સભાગૃહ પાસે છે. ગુજરાત વિધાનસભામાં એવી પ્રણાલી ઉભી થઈ છે કે અધ્યક્ષ પોતાના પક્ષથી અલિપ્ત રહે છે. અને પક્ષીય રાજકારણમાં પડતા નથી. જો કે અધ્યક્ષ તેમના પક્ષમાંથી કે વિધાનસભા પક્ષમાંથી રાજીનામું આપતા નથી, પરંતુ પક્ષની કે વિધાનસભા પક્ષની બેઠકોમાં હાજર રહેતા નથી. અધ્યક્ષે કેટલીક સંસદીય પ્રણાલીઓ જાળવવી પડે છે. સભાગૃહની અંદર કે બહાર વિવાદાસ્પદ બાબતોમાં અધ્યક્ષ તેમનું મંતવ્ય વ્યકત કરી શકતા નથી.

લોકશાહીની જાળવણી અને વિકાસમાં અધ્યક્ષનો ફાળો મહત્વનો છે. જાહેર પ્રવૃતિના રાજપથ પર લોકશાહીના વાહનને સલામતી પૂર્વક અને આત્મવિશ્વાસથી સંગીન ગતિ આપવાનું મહત્વનું કાર્ય અધ્યક્ષ કરે છે. તેથી સંસદીય લોકશાહીને વરેલા દુનિયાના દેશોમાં અધ્યક્ષ (Speaker) નું સ્થાન અત્યંત મહત્વનું ગણાય છે. અધ્યક્ષ ગૃહની કાર્યવાહીનું સંચાલન કરે છે અને તેમ કરવામાં તેમણે બંધારણીય જોગવાઈઓ, ગૃહના નિયમો અને સંસદીય લોકશાહીની પ્રણાલીઓ અને ભાવનાઓનું પાલન કરવાની મહત્વની જવાબદારી અદા કરવાની હોય છે. તેથી તેમને સભાગૃહના મોભા અને દરજ્જાના રક્ષક કહેવામાં આવે છે. સંસદીય લોકશાહી પધ્ધતિમાં સભાગૃહની બેઠક દરમ્યાન સભાગૃહની કાર્યવાહીનું સંચાલન કરનાર અધિકારીને અધ્યક્ષ એટલે "સ્પીકર" તરીકે ઓળખવામાં આવે છે. વિધાનસભામાં અધ્યક્ષનું સ્થાન સર્વોચ્ચ છે. વોરન્ટ ઓફ પ્રિસિડન્સમાં અધ્યક્ષનું સ્થાન મુખ્યમંત્રી પછી તરત જ અને અન્ય મંત્રીઓથી આગળ આવે છે. અધ્યક્ષની મુખ્ય ફરજ સભાગૃહની બેઠકની કાર્યવાહીનું સંચાલન કરવાની છે. તે માટેની સત્તાઓ તેમને ભારતના બંધારણ અને તે અન્વયે ઘડેલા નિયમોથી મળે છે. સભાગૃહમાં તેમની સંમતિ વિના કોઈ ચર્ચા ઉપસ્થિત કરી શકાતી નથી કે કોઈ પ્રશ્ન પૂછી શકાતો નથી. ગુજરાત વિધાનસભા

ગૃહનું કામકાજ એકંદરે શાંતિથી ચાલે તે જોવાની તેમની મુખ્ય ફરજ છે. ગૃહનું વાતાવરણ એક સમુદ્ર જેવું હોય છે. સમુદ્રની જેમ ગૃહ કયારેક એકદમ શાંત અને નિરસ હોય છે, તો કયારેક તેમાં ભરતીના મોજાંના ઘૂઘવાટ પણ ઉઠી આવે છે અને ગૃહ એકદમ સક્રિય બની જાય છે અને ઉત્તેજનાનું વાતાવરણ ઉભું થાય છે. ગૃહમાં કયા વખતે કેવું વાતાવરણ રહેશે તેનો આધાર કયા વિષય ઉપર ચર્ચા ચાલી રહી છે, કયા વકતા બોલી રહયા છે, વગેરે બાબતો ઉપર રહે છે. કેટલીક વિવાદાસ્પદ બાબતો ચર્ચાતી હોય ત્યારે સભાગૃહમાં ઉત્તેજના રહેતી હોય છે. એવી જ રીતે સભામોકૂફીના પ્રસ્તાવ કે અવિશ્વાસની દરખાસ્ત પર ચર્ચા ચાલતી હોય છે ત્યારે પણ ઉત્તેજના રહેતી હોય છે. આવા સંજોગોમાં ગૃહને નિયંત્રણમાં રાખવાનું અધ્યક્ષ માટે મુશ્કેલ બની જાય છે. કયારેક ચર્ચામાં વિષય કરતાં અસંગત બાબતોનો ઉલ્લેખ થાય ત્યારે અધ્યક્ષે એ બાબતમાં ઘણી જાગૃતિ રાખવી પડતી હોય છે. વિધાનસભાગૃહ સમક્ષ ચર્ચા વિચારણા માટે અને નિર્ણય માટે જુદી જુદી બાબતો આવે છે તે વિવિધ સ્વરૂપે આવતી હોય છે. આવી બાબતોને જુદા જુદા પ્રકારો અને સ્વરૂપો આપવા પાછળનો હેતુ સમયની ફાળવણી ઉપર રહે છે. વિધાનસભા એ એક પ્રકારનું બેરોમિટર છે અને તેમાં વહીવટી બાબતોને સ્પર્શતી રોજબરોજની ઘટનાઓના ધબકારા નોંધાતા હોય છે. અધ્યક્ષે પક્ષાપક્ષીથી પર રહીને સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષ એમ બન્ને વચ્ચે સમતોલન જાળવીને કામગીરી કરવાની હોય છે. આવી પરિસ્થિતિઓમાં ગમે તે ભોગે અધ્યક્ષના હોદ્દાને અનુરૂપ નિષ્પક્ષ વલણ જાળવી રાખવાની વિકટ જવાબદારી તેમણે અદા કરવાની હોય છે.

**(૧) અધ્યક્ષની સત્તાઓ અને ફરજો**

અધ્યક્ષની મુખ્ય ફરજ સભાગૃહની બેઠકની કાર્યવાહીનું પ્રમુખસ્થાનેથી સંચાલન કરવાનું છે અને તેમ કરવામાં ભારતનું બંધારણ, ગૃહના નિયમો અને સંસદીય પ્રણાલીઓનું પાલન કરવાની, કરાવવાની અને તેનું રક્ષણ કરવાની તેમની જવાબદારી હોય છે. અધ્યક્ષ ગૃહના પ્રથમ પ્રતિનિધિ, સેવક અને વડા છે અને તેથી અધ્યક્ષ સભાગૃહના અને સભાગૃહના સભ્યોના વિશેષાધિકારો અને સભાગૃહના નિયમો અને પ્રણાલિકાઓના રક્ષક છે. ગૃહમાં તેમનું સ્થાન સર્વોચ્ચ છે. અધ્યક્ષ તેમની ક્ષેત્રમર્યાદામાં રહીને ઘણા જ વિસ્તૃત અધિકારો ભોગવે છે. ગૃહમાં વ્યવસ્થા જાળવવાની સંપૂર્ણ જવાબદારી પણ અધ્યક્ષની છે. નિયમોથી તે હેતુ માટેની બધી જ જરૂરી સત્તાઓ તેમને આપવામાં આવી છે. અધ્યક્ષે સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષ એમ બન્ને વચ્ચે સમતોલપણું જાળવવાનું હોય છે.

અધ્યક્ષ પદે આવનાર વ્યકિતમાં કાયદાનું જ્ઞાન, તટસ્થતા, ન્યાયવૃતિ, સહિષ્ણુતા, માનવતા સાથેની મકકમતા, ત્વરિત નિર્ણયો લેવાની શકિત વગેરે ગુણો હોવા આવશ્યક છે. આ ઉપરાંત તે વ્યકિતમાં ઉંડી કોઠાસૂઝ હોય તે અનિવાર્ય છે.

ગૃહની બધી જ કાર્યવાહી અધ્યક્ષની પરવાનગીથી ચાલે છે. તેમની સંમતિ વગર કોઈ સભ્ય કે મંત્રી કોઈપણ બાબત ગૃહમાં રજૂ કરી શકતા નથી. ગૃહમાં નિર્ણય કે ચર્ચા વિચારણા

માટેની કોઈ પણ બાબત અધ્યક્ષની પૂર્વ સંમતિ વિના દાખલ કરી શકાતી નથી. ગૃહમાં બધા જ પ્રવચનો તેમને ઉદ્દેશીને કરવાના હોય છે. અધ્યક્ષની પરવાનગી સિવાય કોઈ સભ્ય પ્રશ્ન પૂછી શકતા નથી કે ચર્ચામાં ભાગ લઈ શકતા નથી. જે સભ્ય પ્રશ્નોત્તરી દરમ્યાન મંત્રીને પ્રશ્ન પૂછવા માંગતા હોય અથવા કોઈ પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લેવા માંગતા હોય તેમણે બોલવાની પરવાનગી મેળવવા માટે ઉભા થઈને અધ્યક્ષનું ધ્યાન દોરવાનું હોય છે અને જો અધ્યક્ષનું ધ્યાન દોરાય અને તેમને પ્રશ્ન પૂછવાની કે ચર્ચામાં ભાગ લેવાની અધ્યક્ષ પરવાનગી આપે તો જ તેઓ પ્રશ્ન પૂછી શકે છે અથવા ચર્ચામાં ભાગ લઈ શકે છે. અંગ્રેજીમાં આને Catching the Speaker's eye કહેવામાં આવે છે.

અધ્યક્ષ ઉભા હોય ત્યારે કોઈ સભ્ય ઉભા થઈ શકતા નથી અથવા બોલી શકતા નથી અથવા તો પોતાનું સ્થાન લઈ શકતા નથી કે છોડી શકતા નથી, તેવી એક પ્રણાલી રૂઢ થયેલી છે.

ગૃહમાં વ્યવસ્થા (Order) જાળવવાની જવાબદારી પણ અધ્યક્ષની છે અને તે હેતુ માટે જરૂરી એવા બધા અધિકારો નિયમોથી અધ્યક્ષને આપવામાં આવેલા છે. સભ્યનું વકતવ્ય ગૃહ સમક્ષ જે પ્રશ્ન હોય તે પ્રશ્નને સંબધકર્તા છે કે નહિ તેના નિર્ણયની સત્તા પણ અધ્યક્ષને છે. જો આવું વકતવ્ય અપ્રસ્તુત અથવા અસંગત જણાય તો તેવા સભ્યને અધ્યક્ષ બોલતા અટકાવી શકે છે અને તેમનું વકતવ્ય પૂરું કરવાના આદેશ આપી શકે છે. ગૃહમાં અસંસદીય શબ્દો બોલનાર સભ્યને તેમના શબ્દો પાછા ખેંચવા પણ અધ્યક્ષ આદેશ આપી શકે છે અને ગૃહમાં ગેરવર્તણૂંક કરનાર સભ્યને તે માટે ગૃહની માફી માંગવા માટે પણ આદેશ આપી શકે છે. જો સભ્ય અધ્યક્ષના આદેશનું પાલન  ન કરે તો તેમને ગૃહ છોડી જવાનો પણ અધ્યક્ષ આદેશ આપી શકે છે, અને તેવા સભ્યને અધ્યક્ષ નામથી સંબોધી શકે છે.

વિધાનસભાના નિયમો નીચે પ્રશ્નો, પ્રસ્તાવો, વિધેયકો, વિધેયકો પરના સુધારા, સંકલ્પો, કાપદરખાસ્તો વગેરેની સૂચના દાખલ થવા પાત્ર છે કે કેમ તેનો નિર્ણય કરવાનો અધિકાર પણ અધ્યક્ષનો છે. જો અધ્યક્ષ કોઈ સૂચના નામંજૂર કરે તો તે ગૃહ સમક્ષ લાવી શકાતી નથી. કોઈ વિધેયક, નાણા વિધેયક (Money Bill) છે કે કેમ તેનો નિર્ણય કરવાની સત્તા પણ અધ્યક્ષને છે અને અધ્યક્ષનો  આ બાબતનો નિર્ણય છેવટનો ગણાય છે.

ગૃહમાં નિર્ણય હેઠળની બાબતો ઉપર જયારે સરખા મત પડે ત્યારે અધ્યક્ષે નિર્ણાયક મત આપવાનો હોય છે તે સિવાય અધ્યક્ષને મત આપવાનો અધિકાર નથી. અધ્યક્ષને બીજા સભ્યોની જેમ પ્રથમ તબકકે મત આપવાનો અધિકાર નથી હોતો પરંતુ બંને બાજુ સરખા મત પડે ત્યારે તેઓ બંધારણની કલમ-૧૮૯ની પેટા-કલમ (૧) પ્રમાણે તેમને નિર્ણાયક મત આપે છે. એટલે કે કોઈ પણ પ્રશ્ન ઉપર જયાં સુધી, તે પ્રશ્નની તરફેણમાં અને વિરૂધ્ધમાં એક સરખા મત પડતા નથી ત્યાં સુધી અધ્યક્ષ તેમનો મત વાપરી શકતા નથી. અધ્યક્ષે પોતાનો નિર્ણાયક મત કેવી રીતે આપવો તે અંગે બંધારણમાં કોઈ બંધન નથી પરંતુ સંસદીય પ્રણાલીકા એવી છે કે પરિસ્થિતિ

યથાવત રહે તેવી રીતે અધ્યક્ષે તેમનો નિર્ણાયક મત આપવો જોઈએ. એટલે કે સ્ટેટસ કો મેઈન્ટેઈન (status quo maintain) થાય તે રીતે તેમનો નિર્ણાયક મત આપે એવી અપેક્ષા રાખવામાં આવે છે, કે જેથી સંબંધિત પ્રશ્ન ઉપર બીજી વખત વિચારણા કરીને નિર્ણય કરવાની સભાગૃહને તક મળે.

અધ્યક્ષ, વિધાનસભાની કેટલીક સમિતિઓ જેવી કે કામકાજ સલાહકાર સમિતિ, નિયમો માટેની સમિતિ અને ગ્રંથાલય સમિતિના પ્રમુખ હોય છે. વિધાનસભાની બધી સમિતિઓ અધ્યક્ષના સામાન્ય નિયંત્રણ અને અંકુશ હેઠળ કામ કરે છે. અધ્યક્ષ કોઈ પણ સમિતિને તેના કામકાજના નિયમન સંબંધમાં જરૂરી આદેશ આપી શકે છે. ગૃહની બિન-નાણાંકીય સમિતિઓ પર અધ્યક્ષ સભ્યોની નિમણૂંક કરે છે. અધ્યક્ષ તેમની સત્તાની રૂએ ગૃહની દરેક સમિતિના પ્રમુખ નીમે છે. જુદી જુદી સમિતિઓ પર સભ્યોની નિમણૂંક કરતાં પહેલાં અધ્યક્ષ દરેક પક્ષના દંડકો સાથે પરામર્શ કરે છે અને દરેક પક્ષને તેની સભ્ય સંખ્યાના પ્રમાણમાં સમિતિમાં સ્થાન આપવામાં આવે છે.

### (૨) અધ્યક્ષને મળતાં પગાર અને ભથ્થાં તેમજ અન્ય સવલતો

અધ્યક્ષને કેબીનેટ મંત્રી સમકક્ષ દરજ્જો આપવામાં આવ્યો હોઈ કેબીનેટ મંત્રીને મળવાપાત્ર પગાર અને ભથ્થાં તેમને મળે છે. આવા ભથ્થાં, સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ (પગાર અને ભથ્થા) અધિનિયમ હેઠળ મળવાપાત્ર થાય છે. અન્ય રાજયની વિધાનસભાના અધ્યક્ષો, સમિતિના સભ્યો અને ગુજરાતની મુલાકાતે આવતા અન્ય મહેમાનોના આતિથ્ય માટે તથા અન્ય સત્તાવાર સમારંભો યોજવા માટે મુખ્યમંત્રીની જેમ અધ્યક્ષને આતિથ્યભથ્થું આપવામાં આવે છે. અધ્યક્ષને રહેવા માટે કોઈપણ ચાર્જ લીધા વગર રાચરચીલા સહિત સરકારી નિવાસસ્થાન આપવામાં આવે છે. અધ્યક્ષનું નિવાસસ્થાન સામાન્ય રીતે મુખ્યમંત્રીના નિવાસ સ્થાનની બાજુમાં હોય છે. અધ્યક્ષને મંત્રીઓની જેમ ડ્રાઈવર સાથે મોટરકાર, મફત વૈદકિય સારવાર વગેરે સવલતો પણ આપવામાં આવે છે આ ઉપરાંત કેબીનેટ કક્ષાના મંત્રીની સમકક્ષ તેમના અંગત કામો માટે અંગત કાર્યાલય પણ હોય છે. આ કાર્યાલયમાં અલગ અલગ કક્ષાના અધિકારી-કર્મચારીઓ અધ્યક્ષનું અંગત કામકાજ સંભાળે છે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને મળતા પગાર અને ભથ્થાનો ખર્ચ રાજયના એકત્રિત ભંડોળ પર ભારિત છે.

### (3) વિધાનસભા બહાર અધ્યક્ષનું સ્થાન

વિધાનસભા એ રાજયતંત્રનાં ત્રણ અંગો, એટલે કે વિધાનસભા, ન્યાયતંત્ર અને કારોબારીમાનું એક મહત્વનું અંગ છે. વિધાનસભામાં અધ્યક્ષનું સ્થાન પ્રથમ છે. વોરન્ટ ઓફ પ્રિસિડન્સ પ્રમાણે રાજયપાલ અને મુખ્યમંત્રી પછી તરત જ અને બીજા મંત્રીઓ અને હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિ સિવાયના ન્યાયમૂર્તિઓ પહેલાં વિધાનસભાના અધ્યક્ષ અને હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિનું સ્થાન આવે છે. અધ્યક્ષ જયારે કોઈપણ જાહેર હેતુ માટે પ્રવાસે જાય ત્યારે પણ તેમના આ સ્થાનને અનુરૂપ વ્યવસ્થા કરવામાં આવે છે.

## ૭. વિરોધપક્ષના નેતા

વિધાનસભા ગૃહમાં તમામ વિરોધપક્ષ પૈકી સભ્ય સંખ્યાની દ્રષ્ટિએ જે પક્ષ સૌથી વધારે સભ્ય સંખ્યા ધરાવતો હોય તે પક્ષને અધ્યક્ષ વિરોધપક્ષ તરીકે માન્યતા આપે છે અને તેમના નેતાની નિમણૂંકને માન્ય કરે છે. વિરોધપક્ષને તેની માન્યતા મેળવવા માટે પક્ષમાં વિધાનસભાની કુલ સભ્ય સંખ્યાના ૧/૧૦ સભ્ય જેટલી સભ્ય સંખ્યા હોવી જરૂરી છે. સન ૧૯૭૯ના ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અન્વયે વિરોધપક્ષના નેતાને કેબીનેટ કક્ષાના મંત્રીનો દરજ્જો આપવામાં આવ્યો છે તથા તે અન્વયે તેમને પગાર-ભથ્થા તથા અન્ય સવલતો મળવા પાત્ર થાય છે.

**૮. વિધાનસભા સચિવાલય**

ભારતના બંધારણની કલમ ૧૮૭ની જોગવાઈ પ્રમાણે ગુજરાત વિધાનસભા માટે એક અલગ સચિવાલય ઉભું કરવામાં આવેલ છે. આ સચિવાલય સરકારના મુલ્કી સચિવાલયથી અલગ રીતે કામ કરે છે અને મુલ્કી સચિવાલયના કોઈ વિભાગના કે મંત્રીના તાબા હેઠળ નથી. ગુજરાત વિધાનસભા સચિવાલયના ભરતી અને સેવાની શરતોને લગતા નિયમો પણ અલગ છે. મુલ્કી સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓને લાગુ પડતી સેવાની શરતો વિધાનસભા સચિવાલયના કર્મચારીઓને આપોઆપ લાગુ પડતી નથી. વિધાનસભા સચિવાલય રાજયપાલશ્રીની છેવટની સત્તા નીચે અધ્યક્ષશ્રીની દેખરેખ અને દોરવણી નીચે કામકાજ કરે છે. વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ વિભિન્ન રાજકીય પરિબળો અને જુદી જુદી રાજકીય વિચારણસરણીઓ ધરાવતા સભ્યો વચ્ચે કામ કરવાનું હોય છે. તેથી રાજકારણથી અલિપ્ત રહીને તેમજ દરેક પક્ષના સભ્યોને સમાન ગણીને તટસ્થતાથી પોતાની સેવા બજાવવાની હોય છે.

વિધાનસભા સચિવાલયે વિધાનસભાના સભ્યો અને સરકાર વચ્ચે કડીરૂપ કામગીરી બજાવવાની હોય છે. આ સચિવાલયને રાજયના પ્રજાજનો સાથે કોઈ સીધો સંપર્ક હોતો નથી. તેથી વિધાનસભા સચિવાલયની કામગીરીનો સામાન્ય પ્રજાજનને ખ્યાલ હોતો નથી. વિધાનસભા સચિવાલય ઘણી જ મહત્વની સેવા બજાવે છે અને પ્રજાના પ્રશ્નોને વાચા આપવામાં વિધેયાત્મક દ્રષ્ટિકોણ રાખીને મહત્વનો ફાળો આપે છે. વિધાનસભાના અધિકારી અને મુલ્કી સેવાના અધિકારીના હોદ્દાઓ એક સરખા હોવા છતાં તેમની કામગીરીમાં મૂળભૂત તફાવત રહેલો છે. મુલ્કી સેવાના અધિકારીએ સરકારે ઠરાવેલ નીતિનો અમલ કરવાનો હોય છે, જયારે વિધાનસભાના અધિકારીએ સરકારની અને સભ્યોની વચ્ચે કડીરૂપ ભૂમિકા અદા કરવાની હોય છે, અને તેમ કરવામાં તે બન્ને વચ્ચે સમતુલા જાળવવી પડે છે. ધીરજ અને સંયમ એ વિધાનસભાના અધિકારીના બે મહત્વના ગુણો છે. દરેક સભ્ય, વિધાનસભાના અધિકારીઓ પોતાને ધીરજ પુર્વક સાંભળે તેવી અપેક્ષા રાખે છે. જોકે સામાન્ય રીતે સભ્યો વિધાનસભાના અધિકારી સાથે ખુબજ સુમેળ અને સહકાર ભર્યું વર્તન રાખે છે. છતાં સભ્યો સાથે કામ લેવામાં ઘણી કુનેહ દાખવવી પડે છે અને કોઈ અટપટા પ્રશ્ન વખતે ધીરજ અને સંયમથી કામ લેવું પડે છે.

અધ્યક્ષનું ગૌરવ જાળવવાની વિધાનસભાના અધિકારીની ફરજ બની રહે છે. તેમણે અધ્યક્ષના નામે અને તેમના વતી ઘણા કાર્યો કરવાના હોય છે અને નિર્ણયો પણ લેવાના હોય છે. અધ્યક્ષને સલાહ આપવામાં શુભનિષ્ઠા અને તટસ્થ વલણ દાખવીને અધ્યક્ષના પદનું ગૌરવ જળવાય તે પણ જોવાનું રહે છે.

વિધાનસભાની સમિતિઓની કામગીરીમાં પણ વિધાનસભાના અધિકારીઓએ ઘણી મહત્વની કામગીરી બજાવવી પડે છે. ખાસ કરીને સમિતિઓના અહેવાલો તૈયાર કરવામાં સમિતિના ગૌરવને છાજે તેવી વિવેકપૂર્ણ અને શિષ્ટ ભાષાનો ઉપયોગ કરવાનો રહે છે. સમિતિના અભિપ્રાયોને, અલંકારિક વિશેષણો, અતિશયોકિતભર્યા વિધાનો કે કઠોર શબ્દ પ્રયોગો ટાળીને શકય હોય ત્યાં સુધી મૃદુ અને ભાવવાહી ભાષામાં વ્યકત કરવાના હોય છે. સમિતિમાં ચર્ચાતી બાબતોમાં વિધાનસભા સચિવાલયના અધિકારીઓએ પોતાના વિશાળ વાંચન, વહીવટી પ્રશ્નોનું જ્ઞાન, કાયદા અને નિયમો અને ખાસ કરીને વિધાનસભાના નિયમો અને સંસદીય પ્રણાલીઓને લક્ષમાં લઈને સમિતિને માર્ગદર્શન આપવાનું હોય છે. વિધાનસભા સચિવાલયના અધિકારી, સમિતિના મિત્ર અને માર્ગદર્શક ગણાય છે. તેઓ નિષ્પક્ષ અને તટસ્થ સલાહ આપતા હોવાને કારણે તેનો ઘણો જ પ્રભાવ પડતો હોય છે. સમિતિમાં જરૂરી અને બિનજરૂરી એવી ઘણી બાબતો ચર્ચાતી હોય છે. પરંતુ વિધાનસભાના અધિકારીઓએ ઊંડી સમજ, વિષયની સૂઝ અને નિયમો અને પ્રણાલીઓને લક્ષમાં રાખીને પ્રસ્તુત અને અપ્રસ્તુત બાબતોને અલગ અલગ તારવવી પડે છે અને ચર્ચાને લક્ષમાં લઈને પ્રસ્તુત બાબતો જ અહેવાલમાં લેવાની રહે છે.

વિધાનસભા સચિવાલયનું ઘણું ખરું કામ સમય મર્યાદામાં પતાવવાનું હોય છે. નાનામોટા બધા કાર્યો ત્વરાથી છતાં ચીવટથી કરવા પડે છે અને તેથી વિધાનસભાના અધિકારીઓ વિશાળ વાંચન કરવું પડતું હોય છે. કાયદા અને નિયમોની અદ્યતન પરિસ્થિતિથી વાકેફ રહેવું પડે છે. વિધાનસભાનું સત્ર બોલાવવામાં આવે ત્યારે વિધાનસભા સચિવાલય કામથી ધમધમી ઉઠે છે. સત્ર બોલાવવાનો રાજયપાલશ્રીનો આદેશ થયા પછી વિધાનસભા સચિવાલય તરફથી વિધાનસભાના સચિવની સહીથી સભ્યોને આહ્‌વાન મોકલવામાં આવે છે. તેમાં કઈ તારીખે, કયા દિવસે, કેટલા વાગે અને કયા સ્થળે વિધાનસભાની બેઠક મળવાની છે તે જણાવવામાં આવે છે અને સભ્યોને તે દિવસે, તે સમયે અને તે સ્થળે હાજર રહેવાની વિનંતી કરવામાં આવે છે.

વિધાનસભાના સત્ર દરમિયાન વધારાની કામગીરીને પહોંચી વળવા વર્ગ-૩ અને વર્ગ-૪ના હંગામી ટાઈપીસ્ટ, કારકુન, પટાવાળા, હમાલ વગેરેની નિમણૂકો કરવામાં આવે છે. આ ઉપરાંત ગૃહની સલામતી માટે મંજુર થયેલ સુરક્ષાદળને સત્ર શરૂ થવાના ત્રણ દિવસ અગાઉ વિધાનસભા સચિવાલય ખાતે હાજર થવા જણાવવામાં આવે છે. આ સલામતી દળમાં ફરજ બજાવતા પોલીસ અધિકારી /કર્મચારીઓ નિયત થયેલા અલગ ગણવેશમાં વિધાનસભા ગૃહમાં સલામતીની વ્યવસ્થા જાળવે છે. આ સલામતીદળ અધ્યક્ષશ્રીના સીધા નિયંત્રણ હેઠળ ફરજો

બજાવે છે. વિધાનસભાના સત્ર દરમિયાન ગૃહની દીર્ઘાઓમાં મુલાકાતીઓને પ્રવેશ આપવા માટે વિધાનસભા ભવનના પ્રવેશદ્વાર આગળ પ્રવેશ નિયંત્રણ બુથની વ્યવસ્થા કરવામાં આવે છે.

વિધાનસભાની કાર્યવાહીનું ટેપરેકોર્ડીંગ કરવામાં આવે છે તેમજ પ્રતિવેદકો દ્વારા તેનું અક્ષરશઃ શ્રુતલેખન લેવામાં આવે છે સત્ર સમાપ્તિ બાદ ગૃહમાં થયેલ ચર્ચાઓને પુસ્તક સ્વરૂપે છપાવવામાં આવે છે. તદ્ ઉપરાંત વિધાનસભાની કાર્યવાહીનું વીડીયો રેકોર્ડીંગ પણ કરવામાં આવે છે અને તેને વિધાનસભા ભવનમાં સભ્યોની લોંજમાં વિગેરે સ્થળે કલોઝ સરકીટ ટી. વી. થી પ્રસારિત કરવામાં આવે છે.

આમ, વિવિધ રીતે વિધાનસભા સચિવાલયનું કામકાજ વિશિષ્ટ પ્રકારનું છે. આ બધા સંજોગોમાં તે સ્વતંત્ર અને નિષ્પક્ષ રીતે કામ કરી શકે તે માટે સભ્યોની જેમ વિધાનસભાના અધિકારીઓ પણ કેટલાક વિશિષ્ટ અધિકારો ભોગવે છે. ગૃહમાં પણ એવી પ્રણાલિકા રૂઢ થયેલી છે કે વિધાનસભા સચિવાલયની કામગીરી બાબતમાં ગૃહમાં પ્રશ્નો પૂછી શકાતા નથી કે અન્ય રીતે વિધાનસભા સચિવાલય સંબંધમાં કોઈપણ પ્રકારની ચર્ચા થઈ શકતી નથી. સભ્યોને વિધાનસભા સચિવાલય વિષે કોઈપણ માહિતીની જરૂર પડે તો તેમણે અધ્યક્ષને રૂબરૂ મળીને માહિતી મેળવવાની રહે છે. વિધાનસભાના અધિકારીઓને તેમની ફરજ બજાવવામાં અંતરાય ઉભો કરવામાં આવે તો તે ગૃહનું અવમાન ગણાય છે.

વિધાનસભા સચિવાલયનું સમગ્ર કામકાજ અને સંચાલન સમજવામાં ઉપયોગી થઈ પડે તે હેતુથી વિધાનસભા સચિવાલયના સચિવ, અન્ય અધિકારીઓ અને શાખાઓની કામગીરીનો ખ્યાલ નીચે મુજબ આપવામાં આવે છે.

**(૧) <u>વિધાનસભાના સચિવ</u>**

વિધાનસભાની કામગીરીમાં સચિવનું સ્થાન ઘણું મોખરાનું ગણાય છે. તેમની કામગીરી મુખ્યત્વે બે પ્રકારની હોય છે. (૧) સંસદીય અને (૨) વહીવટી.

**<u>સંસદીય કામગીરી</u>** :- સચિવે વિધાનસભાના કામકાજના સંચાલનમાં અધ્યક્ષને મદદ કરવાની હોય છે. તેથી સચિવ સંસદીય કાર્યરીતી અંગે પ્રવર્તતી અદ્યતન પરિસ્થિતિથી વાકેફ હોવા જોઈએ. જેમ અધ્યક્ષે સરકાર અને વિરોધ પક્ષની વચ્ચે રહીને તટસ્થપણે તેમની કામગીરી કરવાની હોય છે તે જ રીતે સચિવે પણ ખૂબ જ તટસ્થ પણે તેમની કામગીરી બજાવવાની હોવાને કારણે સચિવની કામગીરી કપરી અને સતત જાગૃતિ માંગી લે તેવા પ્રકારની છે. તેમણે વિધાનસભા ગૃહની કામગીરીમાં અને વિધાનસભા સચિવાલયની વહીવટી કામગીરીમાં પણ અધ્યક્ષને સલાહ આપવાની હોય છે. તદ્ઉપરાંત વિધાનસભાના સભ્યોને પણ વિધાનસભાના કામકાજ અંગે સલાહ અને માર્ગદર્શન આપવાની તેમની ફરજ છે. વિશિષ્ટ પ્રકારની કામગીરીને કારણે સચિવ મંત્રીમંડળના સભ્યો સાથે ઘનિષ્ટ પરિચયમાં આવતા હોય છે તેમ છતાં તેમણે રાજકારણથી અલિપ્ત રહીને પોતાની કામગીરી તટસ્થપણે બજાવવાની હોય છે. ખાસ કરીને ગૃહની બેઠકોમાં સચિવે સતત હાજરી આપવાની હોય છે. ગૃહમાં ઉભા થતા બધા પ્રશ્નો અને ખાસ

કરીને પોઈન્ટ ઓફ ઓર્ડર્સના સંબંધમાં અધ્યક્ષને સલાહ સૂચન આપવાની કામગીરી, સંસદીય કાર્યપધ્ધતિનું ઘણું ઉંડું જ્ઞાન, હાજર જવાબીપણું, કોઠાસુઝ, ધીરજ, સંયમ, કુનેહ, તટસ્થતા વગેરે ગુણો તેમની ફરજો બજાવવા જરૂરી છે.

**<u>વહીવટી કામગીરી</u>** : વિધાનસભા સચિવાલયની વહીવટી કામગીરી અધ્યક્ષના આખરી અંકુશને આધીન રહીને સચિવે સંભાળવાની હોય છે. તેઓ વિધાનસભા સચિવાલયના વહીવટી વડા ગણાય છે. સ્ટાફની ભરતી, બઢતી, તાલીમ, રજા, પેન્શન, ખાનગી અહેવાલો, વિધાનસભા સચિવાલયનું અંદાજપત્ર, પગારભથ્થાંની ચુકવણી, તેના હિસાબો અને સેવાની અન્ય શરતો સંબંધમાં, વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થા અને અન્ય સવલતો સંબંધમાં તેમજ વિધાનસભા સચિવાલયની આંતરિક વ્યવસ્થા અને બીજા સરકારી વિભાગો કે અન્ય સંસ્થાઓ સાથેના આ સચિવાલયના સંબંધોમાં સચિવે ઘણી જ મહત્વની કડીરૂપ કામગીરી કરવાની હોય છે. વિધાનસભાના સચિવને મુલ્કી સચિવાલયના વિભાગના સચિવ જેટલો જ દરજ્જો, નાણાકીય સત્તા તેમજ વહીવટી સત્તાઓ મળે છે.

(૨) <u>સંયુક્ત સચિવ</u>

ગુજરાત વિધાનસભા સચિવાલયમાં સંયુક્ત સચિવની કુલ-૦૧ જગ્યા છે. સંયુક્ત સચિવને તેમને ફાળવેલી શાખાઓના નીરીક્ષણની કામગીરી કરે છે. વધુમાં સચિવશ્રી બાદના વરિષ્ટ અધિકારી તરીકે અન્ય શાખાઓ સાથે નાણાકીયા સમિતિઓ પૈકીની જાહેર હિસાબ સમિતિ જેવી અતિ મહત્વની સમિતિ સોંપવામાં આવે છે. ગૃહમાં પણ તેઓએ વારાફરતી (અઠવાડીક) હાજર રહી ગૃહની કાર્યવાહી નોંધ બનાવવાની હોય છે. વધુમાં વિધાનસભા સચિવાલયમાં સ્ટાફને લગતી કે વિધાનસભાની કામગીરીને લગતા ફેરફાર માટે રચાતી સમિતિઓમાં પણ સંયુક્ત સચિવે એક માર્ગદર્શક તરીકેની મુખ્ય ભૂમિકા નિભાવવાની હોય છે.

**(3) <u>નાયબ સચિવ</u>**

ગુજરાત વિધાનસભા સચિવાલયમાં નાયબ સચિવોની કુલ ૬ જગ્યાઓ છે. નાયબ સચિવોને મુખ્યત્વે ગૃહની સમિતિઓનું કામકાજ સોંપવામાં આવેલું છે. સમિતિઓની બેઠકો રાખવાની અને તે માટેની વ્યવસ્થા કરવાની, સમિતિની કાર્યવાહીની નોંધ રાખવાની, સમિતિએ લીધેલ નિર્ણયોની નોંધ રાખવાની અને તે મુજબ જે તે સમિતિઓના અહેવાલોના મુસદ્દા તૈયાર કરીને સમિતિના પ્રમુખ સમક્ષ રજુ કરવાની અને છેવટે સમિતિએ મંજુર રાખેલ મુસદ્દાને છપાવવાની અને ગૃહમાં રજૂ કરવા સુધીની કાર્યવાહી નાયબ સચિવોએ કરવાની રહે છે. નાયબ સચિવોની આ કામગીરીમાં સમિતિ શાખાના સેકશન અધિકારી અને તેનો સ્ટાફ તેમને મદદ કરે છે. નાયબ સચિવોને ગૃહની સમિતિઓની કામગીરી ઉપરાંત બીજી કેટલીક કામગીરી પણ સોંપવામાં આવેલી છે.

**(૪) <u>ઉપસચિવ</u>**

ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ઉપસચિવોની કુલ ૮ જગ્યાઓ છે. એક ઉપસચિવ પાસે સામાન્યતઃ બે કે ત્રણ શાખાઓ હોય છે, અને તેમના હાથ નીચેની શાખાઓનું કામ તેઓ નાયબ સચિવ મારફત કે સીધુ સચિવને મોકલે છે. ઉપસચિવોનું કામ શાખાની કામગીરી અંગે રજૂ કરવામાં આવતી ફાઈલો ઉપર સચિવ કે અધ્યક્ષને નિર્ણય કરવામાં સલાહ અને મદદ કરવાનું છે.

ગુજરાત વિધાનસભા સચિવાલયની કામગીરી માટે પણ અલગ વ્યવસ્થાતંત્ર છે. ગુજરાત વિધાનસભા સચિવાલયમાં, સચિવ સહિત વર્ગ-૧ના ૧૯ અધિકારીઓ, વર્ગ-૨ના ૫૨ અધિકારીઓ, વર્ગ-૩ના ૧૦૯ કર્મચારીઓ તેમજ વર્ગ-૪ના ૭૩ કર્મચારીઓનો સમાવેશ થયેલો છે. આ અધિકારીઓ અને કર્મચારીઓની મદદથી ગુજરાત વિધાનસભા સચિવાલયની તમામ કામગીરી પાર પાડવામાં આવે છે. ગુજરાત વિધાનસભા સચિવાલયમાં જુદી જુદી શાખાઓ દ્વારા અલગ અલગ પ્રકારની કામગીરી થાય છે, જેને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી શકાય.

સંસદીય પ્રકારની કામગીરી, ગૃહની સમિતિઓને લગતી કામગીરી અને વહીવટી પ્રકારની કામગીરી.

**<u>સંસદીય બાબતોને લગતી કામગીરી કરતી શાખાઓ</u>**

**(ક) <u>વિધાનશાખા - ૧</u>**

વિધાનશાખા-૧ની મુખ્ય કામગીરીમાં સત્ર આહ્વાન, સમાપન, સભાઓની તારીખવાર યાદી, દિવસના કામકાજની યાદી, રાજયપાલશ્રીનું સંબોધન, આભાર પ્રસ્તાવ અને તે પરના સુધારા, સરકારી અને બિનસરકારી વિધેયકો અને તે પરના સુધારા, કામકાજ સલાહકાર સમિતિ, વિધાનસભાના નિયમો માટેની સમિતિ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ, સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો અને તે અંગેની સમિતિ, વૈધાનિક પ્રસ્તાવો, ઓલ ઈન્ડિયા પ્રિસાઈડીંગ ઓફિસર્સ અને સચિવોની કોન્ફરન્સ, નાણાકીય સમિતિઓ સિવાયની ગૃહની સમિતિઓની રચના વગેરે બાબતો ઉપરાંત ગૃહ ધ્વારા પ્રસંગોપાત નીમવામાં આવતી એડહોક સમિતિની કામગીરીનો સમાવેશ થાય છે.

**(ખ) <u>ટેબલશાખા</u>**

ટેબલ શાખામાં નીચે મુજબની કામગીરી થાય છે.

(૧) અંદાજપત્ર, પૂરક માંગણીઓ અને વધારાની માંગણીઓ અને તે પરની કાપ દરખાસ્તો

(૨) લેખાનુદાન માટેનો પ્રસ્તાવ

(૩) પ્રસ્તાવો, જેવા કે મંત્રી મંડળમાં અવિશ્વાસનો પ્રસ્તાવ, સભા મોકૂફીનો પ્રસ્તાવ, જેની ચર્ચા માટે દિવસ નકકી ન થયો તેવા પ્રસ્તાવો અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ

(૪) ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા અંગેની સૂચનાઓ

(૫) ધ્યાન દોરતી સૂચનાઓ

(૬) સંકલ્પો

(૭) અધ્યક્ષના અગત્યના નિર્ણયો તારવીને તેને પુસ્તક સ્વરૂપે પ્રસિધ્ધ કરવાની કામગીરી

(૮) વિધાનસભાના સત્ર દરમ્યાન ગૃહમાં થયેલ કામગીરીનો ટૂંકો અહેવાલ તૈયાર કરીને પ્રસિધ્ધ કરવાની કામગીરી ઉપરાંત

(૯) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિને લગતી કામગીરી કરવામાં આવે છે.

**(ગ) પ્રશ્ન શાખા-૧,૨**

પ્રશ્ન શાખામાં તારાંકિત પ્રશ્નો, અતારાંકિત પ્રશ્નો અને ટૂંકી મુદતના પ્રશ્નો તથા અડધા કલાકની ચર્ચાને લગતી કામગીરી કરવામાં આવે છે.

**(ઘ) વિધાનશાખા-૨**

વિધાનશાખા-૨માં ઔચિત્ય ભંગ, વિશેષાધિકાર ભંગ અને વિશેષાધિકાર સમિતિ, વિધાનસભાના સભ્યોના નામ-સરનામા અને મતવિસ્તારની યાદી (ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા સંસદ સભ્યો સહિત) અને પક્ષાંતર બદલ ગેરલાયક ઠરાવવાને લગતી બાબતોની કામગીરી થાય છે.

**(ચ) પ્રતિવેદન શાખા**

ગૃહની કાર્યવાહીનું શબ્દ સહ શ્રુતલેખન લેવાની કામગીરી તથા તેને ચર્ચાના પુસ્તકો સ્વરૂપે પ્રસિધ્ધ કરવાની કામગીરી.

**ગૃહની સમિતિઓને લગતી કામગીરી કરતી શાખાઓ**

**(ક) અંદાજ સમિતિ (સમિતિ શાખા-૧)**

અંદાજ સમિતિને લગતી કામગીરી, રાજયસભાના સભ્યોની ચૂંટણી, રાષ્ટ્રપતિની ચૂંટણી, જુદી જુદી યુનિવર્સિટીઓની કોર્ટ/સેનેટો અને અન્ય સંસ્થાઓ ઉપર વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણીઓ, વિધાનસભાના સભ્યપદેથી રાજીનામા, નાણાકીય સમિતિઓ પર સભ્યોની ચૂંટણીને લગતી કામગીરી આ શાખા સંભાળે છે.

**(ખ) જાહેર હિસાબ સમિતિ (સમિતિશાખા-૨)**

રાજયના વિનિયોગ હિસાબો, નાણાંકીય હિસાબો અને તે ઉપરના ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના ઓડિટ અહેવાલોની જાહેર હિસાબ સમિતિ દ્વારા તપાસ અને તે અંગેનો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવાની કામગીરી આ શાખા સંભાળે છે.

**(ગ) જાહેર સાહસો માટેની સમિતિ (સમિતિશાખા-3)**

રાજય સરકારના જુદા જુદા બોર્ડ અને કોર્પોરેશનની સ્વાયત્તતા અને કાર્યક્ષમતાના સંદર્ભમાં તેમના કામકાજનું સંચાલન તંદુરસ્ત વ્યાપારી ધોરણે ચાલે છે કે કેમ અને ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના અહેવાલોમાં રાજય સરકારના બોર્ડ અને કોર્પોરેશનોને લગતા ઓડિટ ફકરા બાબતે સરકાર અને બોર્ડ કોર્પોરેશનના પ્રતિનિધિઓની જાહેર સાહસો માટેની સમિતિ દ્વારા તપાસ અને તેને લગતો અહેવાલ ગૃહમાં રજૂ કરવાની કામગીરી આ શાખા સંભાળે છે

(ઘ) <u>પંચાયતી રાજ સમિતિ (સમિતિશાખા-૭)</u>

રાજયના જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો ઉપર સ્થાનિક ભંડોળ હિસાબોના નિરીક્ષકે કરેલા ઓડિટ અહેવાલના આધારે સરકારના પ્રતિનિધિઓની પંચાયતી રાજ સમિતિ દ્વારા તપાસ અને તપાસનો અહેવાલ ગૃહ સક્ષમ રજૂ  કરવાની કામગીરી આ શાખા કરે છે.

(ચ) <u>સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ (સમિતિશાખા-૬)</u>

ગૃહમાં સરકાર તરફથી મંત્રીશ્રીઓ વખતોવખત જે ખાતરીઓ, વચનો, બાંયધરીઓ વગેરે આપે છે  તેનો  કેટલે  અંશે અમલ કરવામાં આવે છે  અને  તેનો અમલ  કરવામા સરકારના  વિભાગો તરફથી  કોઈ અયોગ્ય ઢીલ થઈ છે  કે કેમ વગેરે બાબતોની ખાતરી સમિતિ દ્વારા તપાસ અને તપાસનો અહેવાલ ગૃહ સમક્ષ રજૂ કરવાની કામગીરી આ શાખા કરે છે.

(છ) <u>અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ (સમિતિશાખા-૪)(પ્રશ્ન શાખા-૪)</u>

અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટેના કમિશ્નરે કરેલા અહેવાલ સંબંધમાં રાજય સરકારે લેવા જોઈતા પગલાં તેમજ રાજય સરકાર અને રાજય સરકારને જવાબદાર જાહેર સાહસો તેમજ વૈધાનિક અને અર્ધસરકારી સંસ્થાઓમાં અનુસૂચિત જાતિના લોકોને પૂરતું પ્રતિનિધિત્વ આપવા સરકારે લીધેલા પગલાંની સમિતિ દ્વારા તપાસ અને તેનો અહેવાલ ગૃહ સમક્ષ રજૂ કરવાની કામગીરી આ શાખા કરે છે. તેમજ વિધાનસભા ગૃહમાં પૂછવામાં આવતા તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો તથા અડધા કલાકની સૂચનાની દાખલપાત્રતા ચકાસવાથી શરૂ કરીને લગતી આનુષાંગિક સઘળી કામગીરી.

(જ) <u>અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ (સમિતિશાખા-૫)(પ્રશ્ન શાખા-૫)</u>

અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટેના કમિશ્નરે કરેલા અહેવાલ સંબંધમાં રાજય સરકારે લેવા જોઈતા પગલાં તેમજ રાજય સરકાર અને રાજય સરકારને જવાબદાર જાહેર સાહસો તેમજ વૈધાનિક અને અર્ધસરકારી સંસ્થાઓમાં અનુસૂચિત જનજાતિના લોકોને પૂરતું પ્રતિનિધિત્વ આપવા સરકારે લીધેલા પગલાંની સમિતિ દ્વારા તપાસ તથા તેનો અહેવાલ ગૃહ સમક્ષ રજૂ કરવાની કામગીરી આ શાખા કરે છે. આ ઉપરાંત અરજી સમિતિને લગતી કામગીરી પણ આ શાખા કરે છે. તેમજ વિધાનસભા ગૃહમાં પૂછવામાં

આવતા તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો તથા અડધા કલાકની સૂચનાની દાખલપાત્રતા ચકાસવાથી શરૂ કરીને લગતી આનુષાંગિક સઘળી કામગીરી.

(ઝ) **<u>વિધાનશાખા-૩ (ગૌણ વિધાન સમિતિ)(પ્રશ્ન શાખા-૩)</u>**

રાજયની વિધાનસભાએ રાજય સરકારને સોંપેલા વૈધાનિક અધિકારોની રૂએ રાજય સરકારે કરેલા નિયમો, વિનિયમો વગેરે કરવામાં રાજય સરકારે તેની સત્તા યોગ્ય રીતે વાપરી છે કે નહિ તેની ચકાસણી સમિતિ દ્વારા થાય અને સમિતિનો તે અંગેનો અહેવાલ ગૃહ સમક્ષ રજૂ કરવાની કામગીરી આ શાખા દ્વારા થાય છે. તેમજ વિધાનસભા ગૃહમાં પૂછવામાં આવતા તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો તથા અડધા કલાકની સૂચનાની દાખલપાત્રતા ચકાસવાથી શરૂ કરીને લગતી આનુષાંગિક સઘળી કામગીરી.

**<u>વહીવટી કામકાજ સંભાળતી શાખાઓ</u>**

(ક) **<u>સામાન્ય શાખા</u>**

વિધાનસભાગૃહ અને વિધાનસભાના મકાનની જાળવણી, વિધાનસભાના સભ્યો અને વિધાનસભાની સમિતિઓના સભ્યો માટે બેઠક દરમ્યાન ચા/નાસ્તાની વ્યવસ્થા, સ્ટુઅર્ડની મદદથી સ્ટેશનરી પૂરી પાડવાની તથા કચેરી અને ગૃહમાં સાફસફાઈ વગેરેની કામગીરી, પ્રવેશ નિયંત્રણની કામગીરી, ફર્નિચર વગેરેની ખરીદી, પ્રોટોકોલ, રજીસ્ટ્રી, કચેરી તથા સભ્યોને ટેલીફોનની સુવિધા પુરી પાડવાને લગતી કામગીરી, વર્ગ-૪ના કર્મચારીઓ તથા સલામતી સ્ટાફને આપવામાં આવતો ગણવેશ વગેરે સવલતો પૂરી પાડવાને લગતી કામગીરી આ શાખા કરે છે.

(ખ) **<u>પગારભથ્થા શાખા</u>**

વિધાનસભાના સભ્યોના પગાર અને મુસાફરી તથા દૈનિક ભથ્થા, સભ્યોને બસ કે રેલ્વે ધ્વારા મુસાફરીની સવલત, સભ્યોની વૈધકીય સારવારના બિલ, સભ્યોના ટેલિફોન ભાડાના બિલ, ઉપરાંત સભ્યોના પગાર અને ભથ્થાં માટેની સમિતિને લગતી કામગીરી, ગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિને લગતી કામગીરી અને સભ્યોના ગૃહની બેઠકો માટેના હાજરીપત્રકને લગતી કામગીરી આ શાખા સંભાળે છે.

(ગ) **<u>મહેકમ શાખા</u>**

વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂંક, બઢતી, બદલી, ભરતી નિયમો, તાલીમ, રજા, પેન્શન, ખાનગી અહેવાલો, કર્મચારીઓને લોન અને એડવાન્સ તેમજ વિધાનસભા સલામતી સ્ટાફની નિમણૂંકની કામગીરી તેમજ ટાઈપ શાખાને લગતી સઘળી કામગીરી આ શાખા સંભાળે છે. આ ઉપરાંત અધ્યક્ષશ્રી / ઉપાધ્યક્ષશ્રી / વિરોધ પક્ષના નેતાશ્રીના કાર્યાલયના અધિકારીઓ / કર્મચારીઓની નિમણુંકો અંગેની કામગીરી પણ આ શાખા સંભાળે છે.

(ઘ) **<u>રોકડ શાખા</u>**

ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ/કર્મચારીઓના તથા અધ્યક્ષશ્રી/ ઉપાધ્યક્ષશ્રી/વિરોધ પક્ષના નેતાશ્રીના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓના પગાર, ભથ્થા અને પેશગીના બીલોને લગતી કામગીરી, અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષશ્રી/વિરોધ પક્ષના નેતાશ્રીના મુસાફરી ભથ્થા અને વૈધકીય સારવારના બીલોની કામગીરી, વિધાનસભા સચિવાલય અને પદાધિકારીઓના કાર્યાલયો માટેના અંદાજપત્રની કામગીરી આ શાખા ધ્વારા કરવામાં આવે છે.

**(ચ) <u>આઈ.ટી.શાખા</u>**

વિધાનસભા સચિવાલય માટે કોમ્પ્યુટર અને તેને લગતી સ્ટેશનરી, સીડી, કેસેટસ વગેરેની ખરીદી, ઝેરોક્ષ, રોનિયો, ડુપ્લો મશીનોની ખરીદી અને સારસંભાળ, ગૃહની બેઠકોના થતા વીડીયો રેકોર્ડિંગ, વિધાનસભા સચિવાલયના સ્ટાફને તથા ધારાસભ્યશ્રીઓને કોમ્પ્યુટરને લગતી તાલીમ આપવાની કામગીરી તથા કોમ્પ્યુટરાઈઝેશનને લગતી તમામ કામગીરી આ શાખા સંભાળે છે.

**(છ) <u>ભાષાંતર શાખા</u>**

વિધાનસભા સચિવાલયને જરૂરી એવી સઘળી બાબતોના ગુજરાતી અને અંગ્રેજી અનુવાદ કરવાની, કોમનવેલ્થ પાર્લામન્ટરી એસોસીએશન તથા ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનને લગતી કામગીરી, પદાધિકારીઓના વિદેશ પ્રવાસને લગતી કામગીરી તથા સભ્યશ્રીઓ માટેની પરિચય પુસ્તિકા તથા માર્ગદર્શિકાને લગતી કામગીરી આ શાખા ધ્વારા થાય છે.

**(જ) <u>ગ્રંથાલય શાખા</u>**

ગુજરાત વિધાનસભાના સભ્યશ્રીઓ તથા વિધાનસભા સચિવાલયના અધિકારીઓ/ કર્મચારીઓને જરૂરી કાયદાના પુસ્તકો, ચર્ચાઓ, સંદર્ભ ગ્રંથો, સામયિકો તથા વર્તમાનપત્રો પુરા પાડવાની કામગીરી તેમજ ગ્રંથાલય સમિતિને લગતી કામગીરી ગ્રંથાલય શાખા ધ્વારા કરવામાં આવે છે.

**(ઝ) <u>સંશોધન શાખા</u>**

ગુજરાત વિધાનસભાના સભ્યશ્રીઓ તથા વિધાનસભા સચિવાલયના અધિકારીઓને જરૂરી સંદર્ભ સેવા આપી શકાય તે માટે વર્તમાનપત્રોમાંથી અગત્યના સંસદીય તથા મહત્વના બનાવોને લગતા કતરણો કાપી વિષયવાર ફાઈલ કરવા તેમજ ગ્રંથાલયમાં આવતા સામયિકોમાં પ્રગટ થતા અગત્યના લેખોના કાર્ડ તૈયાર કરી તેની વિષયવાર ગોઠવણી કરવાની કામગીરી આ શાખા સંભાળે છે.

**(ટ) <u>ગણેશ વાસુદેવ માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો (બ્યુરો શાખા)</u>**

સંસદીય લોકશાહીના પાયાના સિધ્ધાંતો, કાર્યપધ્ધતિ અને પ્રણાલીઓની પધ્ધતિસરની જાણકારી મળી રહે તે હેતુથી ગુજરાત વિધાનસભા સચિવાલયના એક

અંતર્ગત ભાગ તરીકે સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરોની રચના સન ૧૯૮૨ના વર્ષમાં કરવામાં આવી છે. સંસદીય લોકશાહી પધ્ધતિ સાથે સંકળાયેલા સરકારના અધિકારીઓ અને કર્મચારીઓ, રાજયની યુનિવર્સિટીઓમાં સંસદીય લોકશાહી પધ્ધતિનો વિષય શીખતા વિદ્યાર્થીઓ અને તે વિષય શીખવતા અધ્યાપકો અને આ વિષયમાં રસ ધરાવતા બીજા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો, વિધાનસભાના સભ્યો અને વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ સરકાર, પંચાયતો, કોર્પોરેશનો વગેરેના હોદ્દેદારોને સંસદીય કામગીરીના સંદર્ભમાં તાલીમ આપવાનું તથા તે માટે પરિસંવાદ અને અભ્યાસક્રમોનું આ શાખા આયોજન કરે છે આ ઉપરાંત સંસદીય વિષય અંગેના ચોપાનીયા, પુસ્તકો બહાર પાડવા ઉપરાંત "સંચિત" સામયિક પ્રસિધ્ધ કરવાની કામગીરી પણ આ શાખા કરે છે.

(૬) <u>સ્ટુઅર્ડ શાખા</u>

વિધાનસભાના મકાનની દેખરેખ-જાળવણી, સાફ સફાઈ કરાવવાની તથા ગૃહની અને તેની સમિતિઓની બેઠકો દરમ્યાન સભ્યશ્રીઓને ચા/નાસ્તાની વ્યવસ્થા પૂરી પાડવાની તથા સભ્યશ્રીઓ અને વિધાનસભા સચિવાલયને સ્ટેશનરી પૂરી પાડવા અંગેની કામગીરી સ્ટુઅર્ડ શાખા સંભાળે છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય ૧૯૬૦માં અસ્તિત્વમાં આવ્યું ત્યારે વર્ગ-૧ થી વર્ગ-૪ સહિતનો કુલ ૮૬નો સ્ટાફ હતો. આ સ્ટાફમાં ક્રમે ક્રમે વધારો થતો રહયો છે. ૧૯૬૦ પછી ગુજરાત વિધાનસભાના સભ્યોની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થતો રહયો છે. પહેલી વિધાનસભામાં સભ્ય સંખ્યા ૧૩૨ હતી જે હાલ ચૌદમી વિધાનસભામાં કુલ ૧૮૨ની થઈ છે. તેવી રીતે વિધાનસભા સચિવાલયના સ્ટાફની સંખ્યામાં પણ વધારો થયો છે અને આ સંખ્યા હાલ ૨૫૧ની થઈ છે. આ જ રીતે વિધાનસભા ગૃહના સલામતી દળમાં હાલ ૧ સાર્જન્ટ-એટ-આર્મ્સ, ૧ મહિલા સહિત ૪-ડેપ્યુટી સાર્જન્ટ-એટ-આર્મ્સ, ૨ મહિલા સહિત ૧૫- સલામતી અધિકારીઓ અને (૨૦ મહિલા સહિત) ૧૨૫ સલામતી ગાર્ડ એમ કરીને કુલ ૧૪૫નો સ્ટાફ છે.

વિધાનસભાની કાર્યવાહીથી પ્રસાર માધ્યમો માહિતગાર રહે તે માટે આ સચિવાલય ધ્વારા પ્રેસને પણ કેટલીક સગવડો પૂરી પાડવામાં આવે છે, જેમ કે અલગ પત્રકાર ગેલેરી, સંસદીય કાગળો પૂરા પાડવા, પ્રેસ રૂમની સગવડ વગેરે. ગુજરાત રાજયના માહિતી નિયામકને અને આકાશવાણીને સરકારી સંસ્થા તરીકે સભાગૃહની પત્રકાર ગેલેરીમાં અલગ બેઠકો ફાળવવામાં આવે છે.

વિધાનસભાના સચિવ, નાયબ સચિવ, ઉપસચિવ અને અન્ય વર્ગ -૧ના અધિકારીઓની નિમણૂંક નામદાર રાજયપાલશ્રી, અધ્યક્ષશ્રી તથા ગુજરાત જાહેર સેવા આયોગ સાથે પરામર્શ કર્યા બાદ કરે છે, જયારે વર્ગ-૨ના અધિકારીઓ અને વર્ગ-૩ના

કર્મચારીઓની નિમણૂંક અધ્યક્ષ કરે છે. જો નિમણૂંક સીધી ભરતીથી કરવાની હોય તો તેવી નિમણૂંક અધ્યક્ષ, ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોમાંથી કરે છે. મુલ્કી સચિવાલયના ધોરણે જ ગુજરાત વિધાનસભાના અધિકારીઓને પગાર અને ભથ્થાં મળવાપાત્ર છે.

ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારી/કર્મચારીગણ ગુજરાત વિધાનસભા સચિવીય કર્મચારીગણ (ભરતી અને નોકરીની શરતો) નિયમો, ૧૯૭૪ અનુસાર ગુજરાતના રાજયપાલના છેવટના અંકુશ નીચે, વિધાનસભાના અધ્યક્ષના નિયંત્રણ હેઠળ કામ કરે છે. સન ૧૯૭૪ના આ નિયમો અનુસાર સરકારના સચિવાલયના અધિકારીઓ/કર્મચારીઓ માટેના ભરતી અને સેવાને લગતા નિયમો અને હુકમો આ સચિવાલયના અધિકારીઓ/ કર્મચારીઓને આપોઆપ લાગુ પડતા નથી, પરંતુ તે માટેના અલગ હુકમો કરીને લાગુ પાડવામાં આવે ત્યારે જ તે લાગુ પડે છે.

ગુજરાત વિધાનસભાના સચિવનો દરજ્જો તેમજ નાણાંકીય અને વહીવટી સત્તાઓ, સરકારના વિભાગના સચિવ જેટલી જ હોય છે. સચિવાલયના વિભાગની જેમ રાજયના અંદાજપત્રમાં સમાવેશ કરવા આ સચિવાલયનું અંદાજપત્ર નાણા વિભાગને મોકલવામાં આવે છે. પરંતુ પ્રણાલી અનુસાર વિધાનસભા સચિવાલયના અંદાજપત્ર કે અન્ય વહીવટી બાબતો અંગે ગૃહમાં ચર્ચા થતી નથી.

## ૯. <u>કામકાજ માટેનો સમય</u>

(૧) ગુજરાત વિધાનસભા સચિવાલયનો કચેરી સમય સામાન્ય રીતે સવારના ૧૦-૩૦ થી સાંજના ૬-૧૦ સુધીનો છે.

(૨) વિધાનસભાની બેઠક બપોરની હોય ત્યારે કચેરી સમય ૧૦-૩૦ થી સાંજના ૬-૧૦ સુધીનો છે. વિધાનસભાની બેઠક સવારની હોય ત્યારે કચેરીનો સમય સવારના ૯-૦૦ થી બપોરના ૪-૪૦ સુધીનો છે.

(૩) વિધાનસભાની બે બેઠકો હોય ત્યારે કચેરીનો સમય સવારના ૯-૦૦ થી સાંજના ૮-૩૦ વાગ્યા સુધીનો છે.

## ૧૦. <u>વિધાનસભાનું મકાન</u>

સેન્ટ્રલ લેજીસ્લેટીવ એસેમ્બલીના પ્રથમ ભારતીય અધ્યક્ષ અને ગુજરાતના સપૂતશ્રી વિઠ્ઠલભાઈ પટેલના નામે નામાભિધાન થયેલા વિઠ્ઠલભાઈ પટેલ ભવન એટલે કે ગુજરાત વિધાનસભાના મકાનનું માળખું રાજયની સર્વોચ્ચ કાયદો ઘડતી સંસ્થાની ભૌતિક અભિવ્યકિતને તાદ્રશ કરે છે. મકાનની મનમોહક બાંધણી સમગ્ર દેશના મુલાકાતીઓને આકર્ષે છે. મકાનની બાહય દીવાલો પર જડેલા આછા ગુલાબી પત્થરો આ

ભવ્ય ઈમારતને સુંદરતા બક્ષે છે. આ મકાન પાંચ મીટર ઉંચા ૧૩૩ × ૧૩૩ મીટરના વિશાળ ચોરસ પ્લેટફોર્મ પર ઉભું છે. આ ચોરસ પ્લેટફોર્મ ૧૭,૬૮૯ ચો. મી. જેટલો વિસ્તાર ધરાવે છે જયારે મકાનનો બાંધકામ વિસ્તાર ૮,૧૦૦ ચો.મી. જેટલો છે. મકાનના મધ્ય ભાગમાં, વિધાનસભા ગૃહ, વચ્ચોવચ આવેલા નવમા સ્તંભ અને તેની આસપાસ "યુ" આકારના આઠ સ્તંભો ઉપર ગોઠવાયેલું છે. વિધાનસભાગૃહને ટેકો આપતા "યુ" આકારના આઠેય સ્તંભ ઉપર જતાં અંદરની તરફ ઢળતા જાય છે અને વિધાનસભાગૃહના મથાળે એક થઈ જાય છે અને વિધાનસભાગૃહના મથાળે શંકુ આકારનો અષ્ટકોણીય સુંદર ધુમ્મટ બને છે. આ મકાનને દિલ્હી ખાતેની ગીલ્ડ ઓફ પ્રેકિટસીંગ આર્કિટેકટ નામની સંસ્થા દ્વારા યોજાયેલી સ્પર્ધામાં સન ૧૯૮૫ના વર્ષનું સર્વ શ્રેષ્ઠ ઈમારત માટેનું પ્રથમ પારિતોષિક એનાયત કરવામાં આવેલ છે. વિધાનસભા ભવનના નવીનીકરણની કામગીરી તાજેતરમાં પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં હાલની ગૃહની બેઠક વ્યવસ્થા ૧૮૨ છે. જેમાં વિધાનસભા પેરાફીટની ટોપ ૨૫.૩ મીટર અને વિધાનસભા ડોમ ટોપ ૫૫.૩ મીટર કરવામાં આવેલ છે. આ ઉપરાંત ડોમની ટોપ ઉપર ૨.૯ મીટરનો રાષ્ટ્રચિન્હ મુકેલ છે. આ નવીનીકરણમાં ગૃહમાં ઇન્ટીરીયર, ફર્નિચર વર્ક, ફોલ્સ સીલીંગ, ઓડિયો વિડીયો સિસ્ટમ સાથેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે તેમજ નવા બારી દરવાજા સંપૂર્ણ નવું ફ્લોરીંગ ડ્રાય સ્ટોન ક્લેડીંગ, જી.આર.સી. ડોમ, જી.આર.સી. ડમી પીલર્સની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત વિધાનસભા મકાન એલ.ઇ.ડી. લાઇટીંગ સીસ્ટમ, આધુનિક ઓડિયો વિડીયો સિસ્ટમ, આધુનિક ફાયર ફાઇટીંગ સીસ્ટમથી લાઇબ્રેરી પર્યટક લોબી, ઉપહાર ગૃહ અદ્યતન બનાવવામાં આવેલ છે. મકાનમાં બે તરફથી પ્રવેશ કરી શકાય છે. મકાનનું મુખ્ય પ્રવેશદ્વાર પશ્ચિમ દિશા તરફ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રતિમાના પાછળના ભાગે આવેલું છે. જયારે બીજું પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં આવેલ છે. મકાનના પૂર્વ દિશાના પ્રવેશદ્વારનો ઉપયોગ કોઈ સમારંભ કે વિશેષ પ્રસંગ વખતે પ્રવેશ માટે થાય છે.

**૧૧. <u>ઉપસંહાર</u>**

દેશના અન્ય રાજયોની વિધાનસભાઓની સરખામણીમાં ગુજરાત વિધાનસભાની એક આગવી છાપ છે. સભાગૃહનું કામકાજ અત્યાર સુધી એકંદરે શાંતિથી અને વ્યવસ્થિત ચાલ્યું છે. સભાગૃહ પોતાનું ગૌરવ જાળવે છે. અત્યાર સુધીના સભાગૃહના નેતાશ્રીઓ અને વિરોધપક્ષના નેતાશ્રીઓના સમાધાનકારી વલણને તે આભારી છે. પ્રસ્થાપિત પ્રણાલીઓ અને નિયમોની મર્યાદામાં રહીને સભાગૃહનું કામકાજ ચાલે તે માટે ગૃહના બધા પક્ષોના નેતાઓ અને સભ્યોનો હંમેશા આગ્રહ હોય છે. ગુજરાત વિધાનસભાને આ રીતનું ગૌરવ અપાવવાનો યશ અત્યાર સુધીના અધ્યક્ષોને ફાળે જાય છે કારણ કે સભાગૃહનો મોભો અને ગૌરવ જાળવવાની સાથોસાથ તેના કુશળ સંચાલનની જવાબદારી પણ અધ્યક્ષે અદા

કરવાની હોય છે. અલબત સભાગૃહમાં બનતાં બનાવોની પ્રજામાનસમાં નોંધ લેવાતી હોય છે. ભારતમાં સંસદીય લોકશાહી કાર્યપ્રણાલીના પ્રખર પુરસ્કર્તા એવા પૂ. વિઠ્ઠલભાઈ પટેલ અને પૂ. દાદા સાહેબ માવળંકર બન્ને ગુજરાતના સપૂત હોઈ ગુજરાતમાં સંસદીય લોકશાહી કાર્યપ્રણાલીના ધોરણો જળવાય તે માટે આપણા સૌની જવાબદારી અનેક ઘણી વધી જાય છે. ગુજરાત વિધાનસભાની આગવી છાપ જાળવી રાખવા માટે રાજયના રાજકીય પક્ષો, પ્રજાજનો અને અખબારો આ બાબતમાં ચિંતિત છે તે આનંદની વાત છે. ગુજરાત રાજયની સ્થાપનાને સાઈઠ(૬૦) વર્ષ પૂરા થયા છે ત્યારે ગુજરાત વિધાનસભાની આગવી છાપ જાળવી રાખવાના સહિયારા પ્રયાસો કરવાના સંકલ્પ સાથે પ્રસ્તુત માહિતી સંગ્રહ પ્રજા સમક્ષ મૂકવામાં આવે છે અને આશા છે કે તે સૌને માર્ગદર્શક અને ઉપયોગી નીવડશે.



# પ્રકરણ-૩

## ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીના કાર્યાલયનું વહીવટી માળખું
## (ચાર્ટ)

**અધ્યક્ષ**
**શ્રી શંકરભાઇ ચૌધરી**

- **ખાસ ફરજ પરના અધિકારી** — **શ્રી એમ.જે.પંડયા**
- **અંગત સચિવ**
- **અધિક અંગત સચિવ** — **શ્રી એન. એલ. વણકર**

અંગત સચિવ હેઠળ:

- અંગત મદદનીશ (ખાસ ફરજ પરના અધિકારી)
- સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ અથવા ૨-કારકુન
- સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ અથવા ૧-કારકુન ૧-પટાવાળા
- નાયબ સેકશન અધિકારી
- બે કારકુન/ ગુજરાતી ટાઈપીસ્ટ અને બે કારકુન (રિસેપ્શનીસ્ટ કમ ટેલીફોન ઓપરેટર)
- ડ્રાયવર-૧
- હવાલદાર-૧
- પટાવાળા-૪
- મેસેન્જર કમ હમાલ-૧

## ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રીના કાર્યાલયનું વહીવટી માળખું
## (ચાર્ટ)

**ઉપાધ્યક્ષ**
**શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ)**

↓

**અંગત સચિવ**
**શ્રી એમ. જે. મેરૂજય**

↓

- અંગત મદદનીશ
- સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ અથવા ૧-કારકુન ૧-પટાવાળા
- કારકુન/ગુજરાતી ટાઈપીસ્ટ/રિસેપ્શનીસ્ટ કમ ટેલીફોન ઓપરેટર-૩
- ડ્રાયવર-૧
- નાયક-૧
- પટાવાળા-૩
- મેસેન્જર કમ હમાલ-૧

# ગુજરાત વિધાનસભા સચિવાલયનું વહીવટી માળખું

**(ચાર્ટ)**

**(તા.૦૧-૦૬-૨૦૨૩ની સ્થિતિએ)**

**અધ્યક્ષ**

**શ્રી શંકરભાઇ ચૌધરી**

↓

**સચિવ**

**શ્રી ડી. એમ. પટેલ**

↓

**શ્રી સી. બી. પંડયા**
**સંયુક્ત સચિવ**

- જાહેર હિસાબ સમિતિ (સમિતિ શાખા-૨)
  - ↓ સેકશન અધિકારી શ્રી એન.વી.ગામીત
  - ↓ નાયબ સેકશન અધિકારી-૧
  - ↓ કારકુન/ઓફિસ આસિસ્ટન્ટ-૧
- મહેકમ શાખા
  - ↓ ઉપસચિવ કુ. ડી. કે. મુનીઆ
  - ↓ સેકશન અધિકારી સુશ્રી એસ. ડી. દેસાઇ
  - ↓ નાયબ સેકશન અધિકારી-૪
  - ↓ કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૨
- આઈ.ટી. શાખા (વેબસાઈટ અદ્યતન રાખવાની કામગીરી)
  - ↓ સેકશન અધિકારી શ્રી પ્રતિક આચાર્ય
  - ↓ નાયબ સેકશન અધિકારી-૧
  - ↓ કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- ગૃહમાં વારાફરતી કાર્યનોંધ લખવાની કામગીરી

# નાયબ સચિવો

## ૧.

## નાયબ સચિવ
## શ્રીમતી રીટા મહેતા

- વિધાનશાખા-૧
  → ઉપસચિવ શ્રી પી. આર. પ્રજાપતિ
  → સેકશન અધિકારી કુ. પી. એલ. તિવારી
  → નાયબ સેકશન અધિકારી-૨
  → કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૨
- સંસદીય બ્યુરો શાખા
  → ઉપસચિવ કુ. ડી. કે. મુનીઆ
  → સેકશન અધિકારી સુશ્રી બી.કે.પ્રજાપતિ
  → (સંશોધન મદદનીશ)
  → કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- અંદાજ સમિતિ (સમિતિ શાખા-૧) (રાષ્ટ્રપતિ, રાજય સભાની ચૂંટણી સહિત)
  → ઉપસચિવ કુ. ડી. કે. મુનીઆ
  → સેકશન અધિકારી શ્રીમતી એન. એમ. મેરૂજય
  → નાયબ સેકશન અધિકારી-૧
  → કારકુન/ઓફીસ આસીસ્ટન્ટ-૧
- ગ્રંથાલય શાખા
  → ગ્રંથાલય અધિકારી શ્રી એમ. જી. વાઘેલા
  → સંશોધન મદદનીશ- ૧
  → મદદનીશ ગ્રંથપાલ-૧
- સંશોધન શાખા
  → સંશોધન અધિકારી શ્રી આર. જે જાની
- ભાષાંતર શાખા
  → સુપરવાઇઝર ખાલી
  → ભાષાંતરકાર -૪
- ગૃહમાં વારાફરતી કાર્યનોંધ લખવાની કામગીરી

## ૨.

## નાયબ સચિવ
## શ્રીમતી કે. એસ. પંચોલી

- જાહેર સાહસો માટેની સમિતિ (સમિતિ શાખા- ૩)
  → સેકશન અધિકારી શ્રી સી.એન.પટેલ
  → નાયબ સેકશન અધિકારી -૧
  → કારકુન/ ઓફિસ આસીસ્ટન્ટ-૧
- રોકડ શાખા
  → ઉપસચિવ શ્રી પી. આર. પ્રજાપતિ
  → સેકશન અધિકારી શ્રી એમ. એસ. દવે
  → નાયબ સેકશન અધિકારી-૨
  → કારકુન/ ઓફિસ આસીસ્ટન્ટ-૫
- પગાર ભથ્થા શાખા
  → ઉપસચિવ શ્રી પી. આર. પ્રજાપતિ
  → સેકશન અધિકારી શ્રી જી. કે. બારોટ
  → નાયબ સેકશન અધિકારી-૨
  → કારકુન/ ઓફિસ આસીસ્ટન્ટ-૨
- ટેબલ શાખા
  → ઉપસચિવ કુ. ડી. કે. મુનીઆ
  → સેકશન અધિકારી શ્રીમતી એન. કે. સુથાર
  → નાયબ સેકશન અધિકારી-૧
  → કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૨

## ૩.

### નાયબ સચિવ
### શ્રી એમ. એચ. કરંગીયા

- પંચાયતી રાજ સમિતિ (સમિતિ શાખા-૭)
  - સેકશન અધિકારી શ્રી એન. કે. મોડીયા
    - નાયબ સેકશન અધિકારી- ૧
- વિધાન શાખા-૨ (વિશેષાધિકાર)
  - સેકશન અધિકારી શ્રીમતી પી. જે. ભાલોડિયા
    - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- પ્રતિવેદન શાખા
  - મુખ્ય પ્રતિવેદક શ્રી કે. એમ. પટેલ
    - ગુજરાતી પ્રતિવેદક -૧૬(૫ પુનઃનિમણૂક)
    - અંગ્રેજી પ્રતિવેદક-૧
    - હિન્દી પ્રતિવેદક-૦
      - નાયબ સેકશન અધિકારી-૧
- ખાતરી સમિતિ (સમિતિ શાખા-૬)
  - સેકશન અધિકારી શ્રી એ. એ. પ્રજાપતિ
    - નાયબ સેકશન અધિકારી-૧
      - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧

## ૪.

### નાયબ સચિવ
### ડૉ. એચ. ટી. પટેલ

- પ્રશ્ન શાખા-૧
  - સેકશન અધિકારી શ્રી પી. ડી. પ્રજાપતિ
    - નાયબ સેકશન અધિકારી-૧
      - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૨
- પ્રશ્ન શાખા-૨
  - સેકશન અધિકારી શ્રી આર. આર. ઢોલરીયા
    - નાયબ સેકશન અધિકારી-૧
      - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- પ્રશ્ન શાખા-૩
  - સેકશન અધિકારી શ્રીમતી પી. એ. ગામી
    - નાયબ સેકશન અધિકારી-૧
      - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- પ્રશ્ન શાખા-૪
  - સેકશન અધિકારી શ્રી જે. એસ. પ્રજાપતિ
    - નાયબ સેકશન અધિકારી-૧
      - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- પ્રશ્ન શાખા-૫
  - સેકશન અધિકારી શ્રી જે. પી. કાવઠીયા
    - નાયબ સેકશન અધિકારી-૧
      - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- સામાન્ય શાખા(રજીસ્ટ્રી) (સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ)
  - સેકશન અધિકારી શ્રી ડી. એન. પટેલ
    - નાયબ સેકશન અધિકારી-૩
      - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૫
- સ્ટુઅર્ડ કાર્યાલય
  - સ્ટુઅર્ડ શ્રી કે.કે.કામ્બલે
    - ઓફિસ આસીસ્ટન્ટ-૧

**૫.**

**નાયબ સચિવ**

**શ્રી ડી.એ.ચૌધરી**

- પ્રશ્ન શાખા-૧
  - સેકશન અધિકારી શ્રી પી. ડી.પ્રજાપતિ
  - નાયબ સેકશન અધિકારી-૨
  - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૨
- પ્રશ્ન શાખા-૨
  - સેકશન અધિકારી શ્રી આર. આર. ઢોલરીયા
  - નાયબ સેકશન અધિકારી-૧
  - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- પ્રશ્ન શાખા-૩
  - સેકશન અધિકારી શ્રીમતી પી. એ. ગામી
  - નાયબ સેકશન અધિકારી-૧
  - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- પ્રશ્ન શાખા-૪
  - સેકશન અધિકારી શ્રી જે. એસ. પ્રજાપતિ
  - નાયબ સેકશન અધિકારી-૧
  - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- પ્રશ્ન શાખા-૫
  - સેકશન અધિકારી શ્રી જે. પી. કાવઠીયા
  - નાયબ સેકશન અધિકારી-૧
  - કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ (સમિતિ શાખા-૪)
  - સેકશન અધિકારી શ્રી જે. એસ. પ્રજાપતિ
  - નાયબ સેકશન અધિકારી-૧
  - કારકુન/ઓફીસ આસીસ્ટન્ટ-૧ -૧

# ઉપસચિવો

## ૧. ઉપસચિવ શ્રી પી. આર. પ્રજાપતિ

- વિધાનશાખા-૧ → સેકશન અધિકારી કુ. પી. એલ. તિવારી → નાયબ સેકશન અધિકારી-૨ → કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૨
- ગૌણ વિધાન સમિતિ(વિધાન શાખા-૩) → સેકશન અધિકારી શ્રીમતી પી. એ. ગામી → નાયબ સેકશન અધિકારી-૧ → કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- રોકડ શાખા → સેકશન અધિકારી શ્રી એમ. એસ. દવે → નાયબ સેકશન અધિકારી- ૧ → કારકુન/ ઓફિસ આસીસ્ટન્ટ-૫
- પગાર ભથ્થા શાખા → સેકશન અધિકારી શ્રી જી.કે.બારોટ → નાયબ સેકશન અધિકારી-૨ → કારકુન/ ઓફિસ આસીસ્ટન્ટ-૨
- ભાષાંતર શાખા → સુપરવાઈઝર ખાલી → ભાષાંતરકાર-૪

## ૨. ઉપસચિવ કુ. ડી. કે. મુનીઆ

- અંદાજ સમિતિ (સમિતિ શાખા-૧) (રાષ્ટ્રપતિ, રાજય સભાની ચૂંટણી સહિત) → સેકશન અધિકારી શ્રીમતી એન. એમ. મેરૂજય → નાયબ સેકશન અધિકારી-૧ → કારકુન/ઓફીસ આસીસ્ટન્ટ-૧
- મહેકમ શાખા → સેકશન અધિકારી સુશ્રી એસ.ડી. દેસાઇ → નાયબ સેકશન અધિકારી-૪ → કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૨
- ટેબલ શાખા (બક્ષી સમિતિ) → સેકશન અધિકારી શ્રીમતી એન. કે. સુથાર → નાયબ સેકશન અધિકારી-૧ → કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- સંસદીય બ્યુરો શાખા → સેકશન અધિકારી સુશ્રી બી.કે. પ્રજાપતિ → (સંશોધન મદદનીશ) → કારકુન/ઓફીસ આસીસ્ટન્ટ-૧

## ૩. ઉપસચિવ શ્રી વી.એચ.રાઠોડ (પુન:નિમણૂક

- વિધાનશાખા-૨ → સેકશન અધિકારી શ્રી પી.જે.ભાલોડીયા → નાયબ સેકશન અધિકારી-૧ → કારકુન/ ઓફિસ આસીસ્ટન્ટ-૧
- અનુસૂચિત જન જાતિઓના કલ્યાણ માટેની સમિતિ (સમિતિ શાખા-૫) → સેકશન અધિકારી શ્રીમતી જે. પી. કાવઠિયા → નાયબ સેકશન અધિકારી-૧ → કારકુન/ઓફિસ આસીસ્ટન્ટ-૧
- લોકશાહીના ધબકારા ભાગ-૫ની કામગીરી

## ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | **નામ** | :- | **શ્રી ડી. એમ. પટેલ** | |
| | **હોદ્દો** | :- | સચિવ | |
| | **કામગીરી અને ફરજો** | :- | વહીવટી | ( ૧ ) ગુજરાત વિધાનસભા સચિવીય કર્મચારીગણ(ભરતી અને નોકરીની શરતો)બાબતના નિયમો ૧૯૭૪ના નિયમ-૬ હેઠળ માન.અધ્યક્ષશ્રીના આખરી નિયંત્રણને આધિન સચિવાલયના સ્ટાફ ઉપર સંપૂર્ણ વહીવટી નિયંત્રણ<br>( ૨ ) વર્ગ-૪ના સ્ટાફ સંદર્ભે શિસ્ત વિષયક સત્તા<br>( ૩ ) તાબાના વર્ગ-૧ થી વર્ગ-૪ની કક્ષા સુધીના સ્ટાફની પ્રાસંગિક રજાઓ મંજૂર કરવાની સત્તા<br>( ૪ ) વર્ગ-૨, ૩ અને ૪ના સ્ટાફની અન્ય પ્રકારની રજાઓ મંજૂર કરવાની સત્તા.<br>( ૫ ) ગુજરાત રાજ્ય સેવા નિયમો-૨૦૦૨, પેન્શન નિયમો-૨૦૦૨, પગાર અને બાંધણી નિયમો-૨૦૦૨, રજા નિયમો-૨૦૦૨, મુસાફરી નિયમો-૨૦૦૨ હેઠળ વિભાગના સચિવને સુપ્રત થયેલ સત્તા.<br>( ૬ ) વર્ગ-૧ થી વર્ગ-૩ સુધીના સ્ટાફની નિમણૂક, ફરજો અને શિસ્ત વિષયક બાબતો અંગે અધ્યક્ષશ્રીને મદદ કરવી. |
| | | | નાણાકીય | ( ૧ ) નાણાકીય સત્તા સોંપણી નિયમો-૧૯૯૮ હેઠળ મુલ્કી સચિવાલયના વહીવટી વિભાગોના સચિવોને સુપ્રત થયેલ સત્તાઓ સમકક્ષ તમામ સત્તાઓ<br>( ૨ ) સન-૧૯૭૧ના ગુજરાત રાજય નાણાકીય નિયમો હેઠળ મુલ્કી સચિવાલયના વહીવટી વિભાગોના સચિવોને સુપ્રત થયેલ નાણાકીય સત્તાઓ સમકક્ષ તમામ સત્તાઓ<br>( ૩ ) આકસ્મિક ખર્ચના નિયમો હેઠળ મુલ્કી સચિવાલયના વહીવટી વિભાગના સચિવને સુપ્રત થયેલ સત્તાઓ સમકક્ષ તમામ સત્તાઓ<br>( ૪ ) મુંબઈ તિજોરી નિયમો હેઠળ મુલ્કી સચિવાલયના વહીવટી વિભાગના સચિવને સુપ્રત થયેલ તમામ સત્તાઓ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | ( ૫ ) ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ના ભાગ- ૧ થી ૮ હેઠળ મુલ્કી સચિવાલયના વહીવટી સચિવોને સુપ્રત થયેલ સત્તાઓ. |
| | | | સંસદીય કાર્યરીતિને લગતી તથા અન્ય ફરજો | ( ૧ ) નિયમો હેઠળ અધ્યક્ષશ્રીને તેમની સંસદીય અને વહીવટી ફરજો બજાવવામાં મદદ કરવી.<br>( ૨ ) વિધાનસભા ગૃહના સચિવ તરીકેની ફરજો તેમજ વિધાનસભાના નિયમો હેઠળ નિર્દિષ્ટ થયેલી બાબતો અંગેની તમામ ફરજો.<br>( ૩ ) વિધાનસભા ગૃહ કે તેની સમિતિઓને તેના કામકાજમાં મદદ કરવાની ફરજો.<br>( ૪ ) વિધાનસભા ગૃહ કે તેની સમિતિઓની કાર્યવાહી સાથે સંકળાયેલ તમામ દસ્તાવેજોની જાળવણી.<br>( ૫ ) સત્ર દરમિયાન સભાગૃહના કામકાજને લગતી માહિતી તૈયાર કરાવવી.<br>( ૬ ) સત્ર દરમિયાન સભાગૃહના જુદા જુદા કામકાજ માટે મળતી સુચનાઓની દાખલ પાત્રતા સંબંધમાં અધ્યક્ષશ્રીને મદદ કરવી.<br>( ૭ ) વિધાનસભાની સમિતિઓના અહેવાલોના મુસદા તૈયાર કરાવીને સમિતિ સમક્ષ મંજૂર કરાવી ગૃહ સમક્ષ રજૂ કરાવવા.<br>( ૮ ) સભાગૃહની કાર્યવાહીનો અહેવાલ તૈયાર કરાવવો અને તેને પુસ્તક સ્વરૂપે પ્રસિધ્ધ કરાવવો.<br>( ૯ ) સમિતિની બેઠકોની કાર્યનોંધ તૈયાર કરાવી તેની જાળવણી કરવી.<br>(૧૦) કામકાજ સલાહકાર સમિતિ અને નિયમો માટેની સમિતિના સચિવ તરીકેની ફરજો બજાવવી<br>(૧૧) ગૃહ કે તેની સમિતિઓના વિશેષાધિકાર ભંગ અને અવમાનની બાબતો સંબંધે અહેવાલ કરવો.<br>(૧૨) સભ્યોના શપથ પત્રક, હાજરી પત્રકની જાળવણી કરવી.<br>(૧૩) ગૃહની ગુપ્ત બેઠકની કાર્યવાહીની જાળવણી કરવી.<br>(૧૪) ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનના સચિવ તરીકેની ફરજો બજાવવી. |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | **નામ** | :- | **શ્રી ચેતન પંડયા** | |
| | **હોદ્દો** | :- | સંયુક્ત સચિવ | |
| | **ફરજો** | :- | **મહેકમ શાખા** | વિધાનસભા સચિવાલયના મહેકમને લગતી સેવા વિષયક બાબતો, અધ્યક્ષ/ઉપાધ્યક્ષ, વિરોધપક્ષના નેતાના કાર્યાલયના મહેકમને લગતી બાબતો. |
| | | | આઇ.ટી.શાખા | આઈ.ટી. શાખા તેમજ ગુજરાત વિધાનસભાની વેબ સાઈટ અદ્યતન કરવાને લગતી કામગીરી અને સંલગ્ન ફરજ |
| | | | જાહેર હિસાબ સમિતિ | જાહેર હિસાબ સમિતિના સચિવ તરીકેની કામગીરી અને સંલગ્ન ફરજો, રાષ્ટ્રપતિ તેમજ રાજયસભાના સભ્યોની ચૂંટણી અંગેની કામગીરી અને સંલગ્ન ફરજો. |
| | | | સભાગૃહની બેઠક | સત્ર દરમિયાન ગૃહની બેઠકની કાર્યવાહીની મિનિટ્સ વારાફરતી લખવાની કામગીરી. |
| | **નામ** | :- | **શ્રીમતી રીટા મહેતા** | |
| | **હોદ્દો** | :- | નાયબ સચિવ | |
| | **ફરજો** | :- | **અંદાજ સમિતિ** | અંદાજ સમિતિના સચિવ તરીકેની કામગીરી ઉપરાંત રાષ્ટ્રપતિ તેમજ રાજયસભાના સભ્યોની ચૂંટણી તથા નાણાકીય સમિતિ તથા અન્ય સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી અંગેની કામગીરી અને સંલગ્ન ફરજો. વિધાનશાખા-૧ને લગતી કામગીરી ઉપરાંત સભાગૃહના મેજ ઉપર |
| | | | **વિધાન શાખા-૧** | મુકાયેલ કાગળો માટેની સમિતિ, નિયમો માટેની સમિતિ, બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ, કામકાજ સલાહકાર માટેની સમિતિ અને શ્રેષ્ઠા ધારાસભ્યોના એવોર્ડ માટેની સમિતિ. |
| | | | **ગ્રંથાલય શાખા** | વિધાનસભા ગ્રંથાલયના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનની પધ્ધતિઓ અને પ્રવિધિઓ અનુસાર સંચાલન કરવાની કામગીરી. |
| | | | **સંશોધન શાખા** | સંશોધન શાખાને લગતી કામગીરી અને સંલગ્ન ફરજો. |
| | | | સંસદીય બ્યુરો શાખા | સંસદીય બ્યુરો શાખા તેમજ તે હેઠળ યોજવામાં આવતા તાલીમ કાર્યક્ર મો અને પ્રકાશનો સંલગ્ન સંચિત ચતુર્માસિક સહીતની કામગીરી અને સંલગ્ન ફરજો. |
| | | | **ભાષાતંર શાખા** | ભાષાતંર શાખાને લગતી કામગીરી અને સંલગ્નો ફરજો. |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સભાગૃહની બેઠક | સત્ર દરમિયાન ગૃહની બેઠકની કાર્યવાહીની મિનિટ્સ વારાફરતી લખવાની કામગીરી. |
| ૪ | **નામ** | :- | **શ્રીમતી કે. એસ. પંચોલી** | |
| | **હોદ્દો** | :- | નાયબ સચિવ | |
| | **ફરજો** | :- | ટેબલ શાખા | ટેબલ શાખાને લગતી કામગીરી જેવી કે, અંદાજપત્ર, માગણીઓ પર ચર્ચા, કાપ-દરખાસ્તો, તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા, ટૂંક સમયની ચર્ચા, સભા મોકૂફી, મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતાં પ્રસ્તાવો, છેલ્લા દિવસનો પ્રસ્તાવ, સરકારી અને બિન-સરકારી સંકલ્પોને લગતી કામગીરી અને સંલગ્ન ફરજો |
| | | | જાહેર સાહસો માટેની સમિતિ | જાહેર સાહસો માટેની સમિતિના સચિવ તરીકેની કામગીરી, |
| | | | રોકડશાખા | નિયંત્રણ અધિકારી(ખાતાના વડા), અધિ./કર્મચારીઓના પગારભથ્થાને લગતી નાણાકીય બાબતો. |
| | | | પગારભથ્થા શાખા | વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાને લગતી કામગીરી તથા સભ્યોના ભથ્થા અંગેના નિયમો માટેની સમિતિ તથા સભાગૃહમાંથી સભ્યોની ગેરહાજરી અંગેની સમિતિને લગતી કામગીરી. |
| ૫ | **નામ** | :- | **શ્રી એમ. એચ. કરંગીયા** | |
| | **હોદ્દો** | :- | નાયબ સચિવ | |
| | | :- | પંચાયતી રાજ સમિતિ | પંચાયતી રાજ સમિતિના સચિવ તરીકેની કામગીરી, |
| | | :- | ખાતરી સમિતિ | ખાતરી સમિતિના સચિવ તરીકેની કામગીરી. |
| | | :- | વિધાન શાખા-૨ | વિશેષાધિકાર ભંગને લગતી બાબતો, પક્ષાંતર વિરોધી ધારા અન્વયેની કામગીરી, વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિ તેમજ ઇ-વિધાન અંતર્ગત વિધાનસભાના સભ્યો અને ગુજરાતમાંથી સંસદમાં ચૂંટાયેલા સભ્યોના નામ-સરનામાની યાદીને લગતી કામગીરી. |
| | | :- | પ્રતિવેદન શાખા | પ્રતિવેદન શાખાને લગતી કામગીરી અને સંલગ્ન ફરજો. |
| ૬ | **નામ** | :- | **ડૉ. હર્ષિલ ટી. પટેલ** | |
| | **હોદ્દો** | :- | નાયબ સચિવ | |
| | **ફરજો** | :- | સામાન્ય શાખા, રજીસ્ટ્રી અને સ્ટુઅર્ડ શાખા | સામાન્ય શાખા, રજીસ્ટ્રી અને સ્ટુઅર્ડ કાર્યાલયને લગતી સઘળી કામગીરી, પ્રોટોકોલને લગતી કામગીરી, સદસ્ય નિવાસ સમિતિના સચિવ તરીકેની કામગીરી . |

| | | | | |
|---|---|---|---|---|
| | | | **પ્રશ્નશાખા ૧થી ૫** | પ્રશ્નોનું બેલેટ , પ્રશ્નો સંબંધે મંત્રીશ્રી/સભ્યશ્રીઓની રજૂઆત તથા તમામ પ્રશ્ન શાખાઓની કામગીરીનું સંકલન અને દેખરેખ |
| ૭ | **નામ** | :- | **શ્રી ડી. એ. ચૌધરી** | |
| | **હોદ્દો** | :- | નાયબ સચિવ | |
| | **ફરજો** | :- | **પ્રશ્નશાખા ૧થી ૫** | તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો, અરધા કલાકની ચર્ચા તેમજ વિધાનસભા ગૃહમાં પૂછવામાં આવતા તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો તથા અડધા કલાકની ચર્ચાની સૂચનાની દાખલ-પાત્રતા ચકાસવાથી શરૂ કરીને તેને લગતી આનુષાંગિક સઘળી કામગીરી. |
| | | | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના સચિવ તરીકેની કામગીરી. |
| ૯ | **નામ** | :- | **શ્રી પી. આર. પ્રજાપતિ** | |
| | **હોદ્દો** | :- | ઉપસચિવ(ડી.ડી.ઓ.) | |
| | **ફરજો** | :- | **રોકડ શાખા** | કચેરીના ડી.ડી.ઓ., અધિકારીઓ/કર્મચારીઓના પગાર ભથ્થાને લગતી નાણાકીય બાબતો. |
| | | | પગાર ભથ્થા | વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાને લગતી કામગીરી,<br>સભ્યોના ભથ્થાં અંગેના નિયમો માટેની સમિતિ,<br>સભાગૃહમાંથી સભ્યોની ગેરહાજરી અંગેની સમિતિના સચિવ તરીકેની કામગીરી. |
| | | | વિધાનશાખા-૧ | વિધાનશાખા-૧ને લગતી કામગીરી ઉપરાંત સભાગૃહના મેજ ઉપર મુકાયેલ કાગળો માટેની સમિતિ, નિયમો માટેની સમિતિ, બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ, કામકાજ સલાહકાર માટેની સમિતિ અને શ્રેષ્ઠા ધારાસભ્યોના એવોર્ડ માટેની સમિતિ. |
| | | | વિધાનશાખા-૩ | ગૌણ વિધાન સમિતિના સચિવ તરીકેની કામગીરી અને સંલગ્ન ફરજો. |
| | | | ભાષાંતર શાખા | ભાષાંતર શાખાને લગતી કામગીરી અને સંલગ્ન ફરજો. |
| ૧૦ | **નામ** | :- | **કુ. ડી. કે. મુનીઆ** | |
| | **હોદ્દો** | :- | ઉપસચિવ | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | **મહેકમ શાખા** | વિધાનસભા સચિવાલયના મહેકમને લગતી સેવા વિષયક બાબતો, અધ્યક્ષ/ઉપાધ્યક્ષ, વિરોધપક્ષના નેતાના કાર્યાલયના મહેકમને લગતી બાબતો. |
| | | | ટેબલ શાખા | ટેબલ શાખાને લગતી કામગીરી જેવી કે, અંદાજપત્ર, માગણીઓ પર ચર્ચા, કાપ દરખાસ્તો, તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા, ટૂંક સમયની ચર્ચા, સભા મોકુફી, મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતાં પ્રસ્તાવો, છેલ્લા દિવસનો પ્રસ્તાવ, સરકારી અને બિનસરકારી સંકલ્પોને લગતી કામગીરી. |
| | | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછત વર્ગોના ક્લ્યાણ માટેની સમિતિ | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના કલ્યાણ માટેની સમિતિ(બક્ષી સમિતિ)ના સચિવ તરીકેની કામગીરી. |
| | | | અંદાજ સમિતિ | અંદાજ સમિતિને લગતી કામગીરી ઉપરાંત રાષ્ટ્રપતિની ચૂંટણી, રાજયસભાના સભ્યોની ચૂંટણી તથા નાણાકીય સમિતિઓ તથા અન્ય સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી અંગેની કામગીરી અને સંલગ્ન ફરજો |
| | | | સંસદીય બ્યુરો શાખા | સંસદીય બ્યુરો શાખા તેમજ તે હેઠળ યોજવામાં આવતા તાલીમ કાર્યક્રમો અને પ્રકાશનો સંલગ્ન સંચિત ચતુર્માસિક સહીતની કામગીરી અને સંલગ્ન ફરજો. |
| **૧૧** | **નામ** | :- | **શ્રી એસ.એમ. ચૌધરી** | |
| | **હોદ્દો** | :- | સાર્જન્ટ એટ આર્મ્સ | |
| | **ફરજો** | :- | | સભાગૃહની અંદર, સભાગૃહની ગેલેરીઓમાં અને સભાગૃહની હદ મર્યાદામાં વિધાનસભાના સત્ર દરમિયાન સલામતીની વ્યવસ્થા જાળવવા અધ્યક્ષશ્રીને મદદ કરવા સાર્જન્ટ-એટ-આર્મસની અધ્યક્ષશ્રી નિમણૂંક કરે છે. જે સામાન્ય રીતે સરકારના પોલીસ તંત્રમાંથી નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારી હોય છે. તેઓ સંપૂર્ણ રીતે અધ્યક્ષશ્રીના નિયંત્રણ હેઠળ કામ કરે છે અને અધ્યક્ષશ્રીના આદેશ મુજબ સલામતીની સઘળી વ્યવસ્થા તેમના હાથ નીચેના સલામતી અધિકારીઓ અને સલામતી દળની મદદથી જાળવવાની કામગીરી કરે છે. વિધાનસભા સચિવાલય તરફથી તેમને અલગ રીતે પૂરા પાડવામાં આવેલ ગણવેશમાં તેમણે અને સલામતી સ્ટાફે સત્ર દરમિયાન ફરજો બજાવવાની હોય છે. |

| | | | |
|---|---|---|---|
| **૧૨** | **વિધાન શાખા-૧** | | |
| | **નામ** | :- | **કુ. પી. એલ. તિવારી** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | વિધાનસભાના સત્ર આહવાન, સત્ર સમાપ્તિ, નામદાર રાજયપાલશ્રીનું પ્રવચન, આભાર પ્રસ્તાવ અને આભાર પ્રસ્તાવ પરના સુધારા, અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી, નોટીસ પેપર ભાગ-૧ અને ૨, સભાઓની તારીખ-વાર યાદી, દિવસના કામકાજની યાદી, કામકાજ સલાહકાર સમિતિ, સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો માટેની સમિતિ, નિયમો માટેની સમિતિ, સરકારી અને બિનસરકારી વિધેયકો તેના ઉપરના સુધારા, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ, પ્રમુખ અધિકારીઓ અને સચિવશ્રીઓની પરિષદ અને તેને લગતી આનુષાંગિક સમિતિઓ, વૈધાનિક પ્રસ્તાવો, જેવા કે વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો, અધ્યક્ષ/ઉપાધ્યક્ષને પદ ઉપરથી દૂર કરવાના પ્રસ્તાવો વગેરેને લગતી કામગીરી અને સંલગ્ન ફરજો. |
| **૧૩** | **ટેબલ શાખા અને બક્ષી સમિતિ** | | |
| | **નામ** | :- | **શ્રીમતી એન. કે. સુથાર** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | અંદાજપત્ર, માગણીઓ પર ચર્ચા, કાપ દરખાસ્તો, તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા, ટૂંક સમયની ચર્ચા, સભા મોકુફી, મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતાં પ્રસ્તાવો, છેલ્લા દિવસનો પ્રસ્તાવ, સરકારી અને બિનસરકારી સંકલ્પોને લગતી કામગીરી, કામકાજનો ટૂંકો અહેવાલ તૈયાર કરવો અને અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોની પુસ્તિકા તૈયાર કરવાને લગતી કામગીરી તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિને લગતી સઘળી કામગીરી. |
| **૧૪** | **પ્રશ્ન શાખા-૧** | | |
| | **નામ** | :- | **શ્રી પી. ડી. પ્રજાપતિ** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | વિધાનસભા ગૃહમાં પૂછવામાં આવતા તારાંકિત, અતારાંકિત અને ટૂંકીમુદતના પ્રશ્નો તથા અડધા કલાકની ચર્ચાની સૂચનાની દાખલ-પાત્રતા ચકાસવાથી શરૂ કરીને તેને લગતી આનુષાંગિક સઘળી કામગીરી. |
| **૧૫** | **પ્રશ્ન શાખા-૨** | | |
| | **નામ** | :- | **શ્રી આર. આર. ઢોલરીયા** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |

| | | | |
|---|---|---|---|
| | **સત્તાઓ અને ફરજો** | :- | વિધાનસભા ગૃહમાં પૂછવામાં આવતા તારાંકિત, અતારાંકિત અને ટૂંકીમુદતના પ્રશ્નો તથા અડધા કલાકની સૂચનાની દાખલ-પાત્રતા ચકાસવાથી શરૂ કરીને તેને લગતી આનુષાંગિક સઘળી કામગીરી. |
| ૧૬ | **પ્રશ્ન શાખા-૩ અને વિધાન શાખા -૩** | | |
| | **નામ** | :- | **શ્રીમતી પી. એ. ગામી** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | વિધાનસભા ગૃહમાં પૂછવામાં આવતા તારાંકિત, અતારાંકિત અને ટૂંકીમુદતના પ્રશ્નો તથા અડધા કલાકની સૂચનાની દાખલ-પાત્રતા ચકાસવાથી શરૂ કરીને તેને લગતી આનુષાંગિક સઘળી કામગીરી તેમજ ગૌણ વિધાન સમિતિ અને તેને લગતી આનુષાંગિક કામગીરી એટલે કે સરકાર ધ્વારા ઘડવામાં આવતા નિયમો, વિનિયોગ વગેરેની ચકાસણીને લગતી કામગીરી. |
| ૧૭ | **પ્રશ્ન શાખા-૪ અને અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ** | | |
| | **નામ** | :- | **શ્રી જે. એસ. પ્રજાપતિ** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | વિધાનસભા ગૃહમાં પૂછવામાં આવતા તારાંકિત, અતારાંકિત અને ટૂંકીમુદતના પ્રશ્નો તથા અડધા કલાકની સૂચનાની દાખલ-પાત્રતા ચકાસવાથી શરૂ કરીને તેને લગતી આનુષાંગિક સઘળી કામગીરી તેમજ અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિને લગતી કામગીરી ઉપરાંત વિધાનસભાના સભ્યોને સામાન્ય માહિતી આપવા માટેના પત્રક ભાગ-૨ને લગતી કામગીરી. |
| ૧૮ | **પ્રશ્ન શાખા-૫ અને અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ** | | |
| | **નામ** | :- | **શ્રી જે. પી. કાવઠીયા** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | વિધાનસભા ગૃહમાં પૂછવામાં આવતા તારાંકિત, અતારાંકિત અને ટૂંકીમુદતના પ્રશ્નો તથા અડધા કલાકની સૂચનાની દાખલ-પાત્રતા ચકાસવાથી શરૂ કરીને તેને લગતી આનુષાંગિક સઘળી કામગીરી તેમજ અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિને લગતી કામગીરી ઉપરાંત અરજી સમિતિને લગતી કામગીરી. |
| ૧૯ | **વિધાન શાખા -૨** | | |
| | **નામ** | :- | **શ્રીમતી પી. જે. ભાલોડીયા** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |

| | | | |
|---|---|---|---|
| | **સત્તાઓ અને ફરજો** | | વિશેષાધિકાર ભંગની બાબતો, વિશેષાધિકાર સમિતિ, ગુજરાત વિધાનસભાના તેમજ ગુજરાતમાંથી સંસદમાં ચૂંટાયેલા સંસદ સભ્યોના નામ-સરનામાની યાદી, સભ્યોની ધરપકડ/મુકિત, પક્ષાંતર વિરોધી ધારા અન્વયેની કામગીરી તથા વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિને લગતી કામગીરી |
| ૨૦ | **અંદાજ સમિતિ** | | |
| | **નામ** | :- | **શ્રીમતી એન. એમ. મેરૂજય** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | અંદાજ સમિતિને લગતી કામગીરી ઉપરાંત રાષ્ટ્રપતિની ચૂંટણી, રાજયસભાના સભ્યોની ચૂંટણી તથા નાણાકીય સમિતિઓ તથા અન્ય સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી અંગેની કામગીરી. |
| ૨૧ | **જાહેર હિસાબ સમિતિ** | | |
| | **નામ** | :- | **શ્રી એન. વી. ગામીત** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | જાહેર હિસાબ સમિતિને લગતી કામગીરી. |
| ૨૨ | **જાહેર સાહસો માટેની સમિતિ** | | |
| | **નામ** | :- | **શ્રી સી.એન.પટેલ** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | જાહેર સાહસો માટેની સમિતિને લગતી કામગીરી. |
| ૨૩ | **પંચાયતી રાજ સમિતિ** | | |
| | **નામ** | :- | **શ્રી એન. કે. મોડીયા** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | પંચાયતી રાજ સમિતિને લગતી કામગીરી. |
| ૨૪ | **ખાતરી સમિતિ** | | |
| | **નામ** | :- | **શ્રી એ. એ. પ્રજાપતિ** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | સભાગૃહની ચર્ચાના પુસ્તકોમાંથી ખાતરીઓ તારવવાની કામગીરી તથા ખાતરી સમિતિને લગતી કામગીરી. |
| ૨૫ | **મહેકમ શાખા** | | |

| | | | |
|---|---|---|---|
| | **નામ** | :- | **સુશ્રી એસ. ડી. દેસાઇ** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | વિધાનસભા સચિવાલયના મહેકમ પરના અધિકારી/કર્મચારીઓને લગતી તમામ સેવા વિષયક બાબતો, નાણાકીય પેશગીઓ, ઉપાડ, એડવાન્સ તેમજ અધ્યક્ષ/ઉપાધ્યક્ષ અને વિરોધપક્ષના નેતાના કાર્યાલયના મહેકમ અને તેને લગતી આનુષાંગિક કામગીરી, વિધાનસભા સલામતી સ્ટાફને લગતી કામગીરી તથા ટાઈપ શાખાને લગતી કામગીરી. |
| ૨૬ | પગાર ભથ્થા શાખા | | |
| | **નામ** | :- | **શ્રી જી.કે. બારોટ** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | વિધાનસભાના સભ્યોના પગાર, ભથ્થા અને અન્ય સવલતો અંગેની કામગીરી, સભ્યોના ભથ્થાં અંગેના નિયમો માટેની સમિતિ તેમજ સભાગૃહોની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિને લગતી સઘળી આનુષાંગિક કામગીરી. |
| ૨૭ | સામાન્ય શાખા | | |
| | **નામ** | :- | **શ્રી ડી. એન. પટેલ** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
| | **સત્તાઓ અને ફરજો** | :- | વિધાનસભા ગૃહ અને વિધાનસભાના મકાનની જાળવણી, સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિને લગતી કામગીરી, ગૃહ તથા સમિતિઓની બેઠકો દરમ્યાન ચા/નાસ્તાની વ્યવસ્થા, સ્ટેશનરી, ફર્નિચર વગેરેની ખરીદી, પ્રોટોકોલની ફરજો, રજીસ્ટ્રી શાખાની કામગીરી, ટેલીફોનની સુવિધા, પ્રવેશ નિયંત્રણને લગતી કામગીરી તથા વર્ગ-૪ના કર્મચારીઓ અને સલામતી સ્ટાફને ગણવેશ વગેરે જેવી સવલતો પુરી પાડવાની કામગીરી. |
| ૨૮ | રોકડ શાખા | | |
| | **નામ** | :- | **શ્રી એમ. એસ. દવે** |
| | **હોદ્દો** | :- | સેકશન અધિકારી |
